પાલીતાણાનો નગરશેઠ.

એક વાર્તા

પ્રકાશક

સુવિચાર દર્શક મંડળી.

મુંબઇ.

પારસી પ્રિંટિંગ પ્રેસ.

સંવત્ ૧૯૫૨. સન ૧૮૯૫.

કીમત ૪ આના.

પાલીતાણાનો નગરશેઠ.

પાલીતાણા શેહેરમાં અમીચંદશાહ નામનો એક વણીક સાહુકાર રહેતો હતો, તે નગરશેઠ હતો. દેશપરદેશમાં તેની મોટી મોટી પેહેડીઓ ચાલતી હતી. તેથી તેનું અઢલક ધન લેખાતું. તેની આંટ ઘણીજ સારી હતી. તે વખતે એવું બોલાતું કે, અમીચંદશેઠની હુંડી તો જંગલમાં પણ શીકરાય છે! આટલી બધી કીર્તિ તથા અખૂટ ધન છતાં તેને પોતાને જરાએ અભિમાન ન હતું. પેહેરવે ઓઢવે તે સાવ સાદો હતો. કંજુસની પેઠે મેલાં ઘેલાં કે ઉડાઉની પેઠે કીમતી કપડાં તે પેહેરતો ન હતો. પણ સારાં, સાદાં અને ટકાઉ કપડાં તે વાપરતો. પોતાની નાત જાતમાં સર અવસરે જતો આવતો, પણ કોઇને ત્યાં મરણ થયું હોય તો ત્યાં તો તે સૌથી પહેલો જતો. ગરીબને ત્યાં જવાને સુદ્ધાં શરમાતો નહિ.

આવો મોટો નગરશેઠ કહેવાતો સુખી માણુસ છતાં, એક વાતે દુઃખી હતો. તેની પાછળ તેની કરોડોની દોલત ભોગવનાર એક પણ પુત્ર ન હતો. એકાદ પુત્રી હોત તો તેનાથીએ મન વાળત, પરંતુ કર્મસંજોગે તે પણ ન હતી. પોતાથી બનતું દરેક ધર્મધ્યાન, દાન તે કરતો. ઈશ્વરઇચ્છા બળવાન છે. તેથી રહી રહીને શેઠાણીને વૃદ્ધાવસ્થામાં દહાડા રહ્યા. અને પ્રભુકૃપાથી પૂરે દહાડે પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. શેઠે સારા વિદ્વાન જોશીઓને બોલાવી તેની જન્મોત્રી કરાવી. વૃશ્ચિક રાશીના ચંદ્રમાં જન્મ તેથી નના ઉપર નામ આવતાં તેનું નવલચંદ નામ પાડ્યું. આજ નાનો કાલ મોટો, દિવસે ન વધે એટલો રાતે

વધે, એમ કરતાં શેઠનો પુત્ર આઠ વરસનો થયો. પુત્રની ભણુવા જેવી અવસ્થા થઈ જાણી શેઠે તેને ભણાવવા વાસ્તે નિશાળે બેસાડયો. ચાર વરસમાં નવલચંદ ભણી ગણીને હુશીઆર થયો, એટલે શેઠે પોતાની પેઢી ઉપર તેને નામું શીખવવા માંડયું. પછી પોતાના કામ ધંધા તરફ તેનું ધ્યાન રોકયું. નવલચંદ હુશીઆર હતો તેથી પોતાને દેખાડવામાં આવતું કામ જલદીથી શીખી જતો. જેટલું કામ નવલચંદ કરતો તેટલું શેઠને માથેથી ઓછું થતું. નાનપણુથીજ તેને કોઇની સાથે અંગત મિત્રાચારી ન હતી, તેથી સારા નરસા વચ્ચેનો તફાવત તે શોધી શકતો ન હતો. પોતે જેવો ભલો અને સદ્‌ગુણી હતો તેવાજ બધાને સમજતો. શેઠની બીકથી તેના મેહેતા મુનીમો પણ કાંઈ લુચ્ચાઇ કરી શકતા ન હતા.

નવલચંદનું વેશવાળ નાનપણુથી સારા ઘરની એક કન્યા સાથે કરી રાખેલું પણુ લગ્ન તો ચૌદ વરસની વયે થયું. આ વખતે તેની વહુની વય નવ વરસની હતી. નવલચંદનો સસરો સાધારણુ સ્થિતિનો માણુસ હતો. તેની બાયડી ઉજમ સારી સમજણુવાળી, ડાહી અને સદગુણી હતી. ઉજમના બધા લક્ષણો તેની પુત્રીમાં આવેલાં હતાં તેનું નામ રતન હતું. "યથાનામા તથા ગુણા" તેમ રતન તો ખરેખરી રત્નજ હતી. રતન નાની વયની હતી તેથી અમીચંદ શેઠે પોતાને ઘેર ન તેડતાં તેને પિયરજ રહેવા દીધી હતી.

નવલચંદ ઓગણીશ વીશ વરસનો થવા આવ્યો એટલામાં તેની મા માંદી પડી અને થોડા વખતની માંદગી ભોગવી મરણુ પામી. તેની પાછળ બે ત્રણુ મહીનામાં અમીચદશેઠ પણુ સ્વર્ગવાશી થયો. આ વખતે ઘર તથા પેહેડીનો બધો ભાર નવલચંદ ઉપર આવી પડયો.

ઘરમાં બીજું કોઇ માણસ ન હોવાથી તેણે પોતાની વહૂ રતનને આણું કર્યું. નાનપણથી પરણેલાં પણ પાંચ છ વરસ જુદાં રહેલાં તેથી પ્રથમ તો જરા એકબીજાની શરમ રાખવા માંડી પણ થોડા દિવસમાંજ તે નીકળી ગઇ. ડાહી રતને ઘરનું બધું કામ પોતાને માથે ઉંચકી લીધું. સાધારણ માણસની દીકરી હતી અને આવી કરોડોની દોલતની માલેકણ થઇ તોપણ તેને અભિમાન ન ચઢયું. તે પેહેરવે ઓઢવે સાદીજ રહી. તે જાણતી હતી કે, અભિમાનનું ઘર ખાલી છે.

રતન ચૌદ પંદર વરસની હતી પણ માતાનું શિક્ષણ સારૂં હોવાથી ઘર સંસાર સંબંધી બાબતોથી તે સારી રીતે જાણીતી થઇ હતી. સારા નરસા માણસોને તે ઓળખી શકતી. આની સોબતથી આવું ફળ નીપજશે તે તે સમજતી, અને તેથી પોતે સારી સ્ત્રીઓની સાથેજ સહવાસ રાખતી. નગરશેઠની પત્ની તેથી ઘણી સ્ત્રીઓ તેની પાસે આવતી પણ તેમાં સારી ચાલની હોય તેની સાથેજ તે વાતચીતનો વ્યવહાર રાખતી. તોપણ તેનાથી બીજીઓને અપમાન લાગે એમ ન હતું. તે મિતભાષિણી એટલે જોઇએ તેટલુંજ બોલનારી હતી. રૂપમાં તે રંભા હતી. રૂપ, ગુણ અને લક્ષ્મી આ ત્રણ વાના જેની પાસે એકત્ર હોય તે છકી ગયા વગર રહેજ નહિ. તેના મનમાં ગર્વ વધેજ વધે. પણ રતન શેઠાણીમાં તેમાંનું એક પણ ન હતું. તે સ્વભાવે નમ્ર હતી.

આ પ્રમાણે નવલચંદ અને રતન સુખમાં દિવસો ગુજારતા હતા એટલામાં એક અણધાર્યો દુશ્મન પેદા થયો.

નવલચંદની ઉમર નાની છતાં તેને મોજશોખ અને રમત ગમતનો જરાએ શોખ ન હતો તે આપણે ઉપર

જોયું. અમીચંદ શેઠે તેને પ્રથમથીજ જુદી રીતે ઉછેર્યો હતો કે, તે તેની તરફ ધ્યાન આપે એવો ન હતો.

ધનવાનોનું ઘર માણસોથી ભરપુર હોય છે. દીવાનખાનામાં માણસો એકપછી એક કીડીની પેઠે આવે છે. અને જાય છે. ફૂલોમાંથી મધ કાઢનાર મધમાખીજ મધ મેળવવાની મેહેનતને જાણેછે, પણ તે અતિપ્રયાસથી કરેલો મધપુડો સહજમાં લૂટનાર શું જાણે? તે તો વગર મેહેનતે લૂટી લે છે તેથી તેની કીંમત જાણતો નથી. ખરી મેહેનત કરી પૈસો મેળવનાર પૈસો શી રીતે સાચવવો તે જાણે છે. પણ જેને આઇતો પૈસો મલી જાય તે તેને સારે માર્ગે કેમ ખરચવો તે જાણી શકતો નથી.

નવલચંદના હાથમાં પૈસો આવ્યો હતો, પણ પોતાના બાપે આપેલી સારી કેળવણીથી તે તેનો ઉપયોગ પણ સારો કરતાં શીખ્યો હતો. કોઇભી આડે રસ્તે અથવા નકામી રીતે પૈસો ઉડાવતો ન હતો. એટલુંજ નહિ પણ કામ વગર બહાર સુદ્ધાં જતો ન હતો.

જ્યાં ગામ ત્યાં ઘેડવાડો હોયજ તેમ પાલીતાણામાં પણ એક ચંડાળચોકડી હતી. આ ચારે જણા બધા વ્યસનોમાં પરિપૂર્ણ હતા. રંડીબાજી અને જુગાર એ તો તેમનું મુખ્ય કામ. અસલ તેઓ વેપારીના દીકરા પણ આવા બદફેલમાં પડી તેઓએ પોતાના બાપ દાદાની બધી દોલત ગુમાવી દીધી હતી. તેઓ કોઇ પૈસાદાર જુવાનીઆની શોધમાં હતા કે, તેને ફસાવીને પૈસો કઢાવવો એ તેમની મુરાદ. તેમની નજર આ નવલચંદ ઉપર પડી, તેઓ જાણતા હતા કે નવલચંદ તેમના હાથમાં સેહેલથી આવી શકે તેમ નથી. કાંઈ યુક્તિ કરી તેને હાથમાં લેવાનો તેમણે વિચાર કર્યો. એક યુક્તિ સુઝાડી કે, વેપારને બહાને તેની સાથે મિત્રાચારી કરવી, આ યુક્તિ જ-

ધાને પસંદ પડી અને તે પ્રમાણે અમલ કરવા બધા કબૂલ થયા.

અમીચંદ શેઠના મરણ પછી એકાદ બે વરસ તેઓએ જવા દીધા. પછી જુઠાચંદ, છાલકીદાસ, ભીખારીદાસ અને લોભીદાસ નામના ચાર લુચ્ચાઓ મસલત કરીને શેઠને ફસાવવા તૈયાર થયા. તેઓ જાણતા હતા કે, શેઠ દરરોજ દેવદર્શન કરવા તથા ઘરમાટે જોઇતી શાકભાજી લેવા અમુક રસ્તે નીકળે છે. તે રસ્તો રોકીને તેઓ ઉભા. એક બીજાથી થોડે થોડે છેટે તેઓ ઉભા રહ્યા. થોડીવાર થઇ એટલે પોતાને વખતસર નવલચંદ ત્યાંથી નીકળ્યો. જુઠાચંદ જે પહેલોજ ઉભો હતો તેણે નમીને જેગોપાલ કર્યા અને પછી દયામણે ચેહેરે કહ્યું, "શેઠજી, અમને ગરીબને તો કોઇ દિવસ બે પૈસા રળાવો?" નવલચંદે જવાબ આપ્યો, "ભલા માણસ, વેપારની વાતો તે રસ્તામાં હોય? પેહેડી ઉપર આવજો. ત્યાં તમારે જે જોઇતું હશે તે વિષે સોદા કરીશું. રસ્તામાં કાંઇ પણ વેપારની વાત હું કરતો નથી" જુઠાચંદે નમીને કહ્યું, "બહુ સારૂં, શેઠજી, ત્યારે હું પેહેડી ઉપર આવીશ."

ત્યાંથી થોડે આગલ ચાલતાં છાલકીદાસ મળ્યો, તેણે શેઠને જેગોપાલ કરતાં કહ્યું, "કેમ, શેઠસાહેબ, ગરીબ તરફ જાંખીનેએ જોતા નથી? કરીઆણાનો શોદો કરશો કે? છે વિચાર?" શેઠે ઉત્તર આપ્યો, "બાપુ, વેપારની વાતો તે રસ્તામાં હોય? મારી પેહેડી ઉપર આવજો, ત્યાં વાતો કરીશું."

ત્યાંથી થોડો આગલ ચાલ્યો એટલે ભીખારીદાસ મળ્યો, તે હસીને બોલ્યો, "કેમ નવલશેઠ, સાકરનો શો ભાવ રાખ્યો? કાંઈ ગરીબને રળાવશો? જેવી મરજી?"

નવલચંદે કહ્યું, "ભાઇ, રસ્તામાં તે વેપારના ભવા

હોય ? પેહેડી ઉપર આવજો. ત્યાં આપણે વાતચીત કરીશું." ભીખારીદાસ ચાલતો થયો.

થોડે દૂર ગયા પછી લોભીદાસ મળ્યો. તે તો જાણે શેઠની સાથે ઘણા વરસનો વેપાર કરતો આવ્યો હોય એવી રીતે બોલ્યો, "કેમ, શેઠ, હાલ કાંઇ ઘઉં નથી લીધા ? કાંઇ વિચાર છે ?" નવલચંદે કહ્યું, "ભાઇ ઘઉં ને બાજરીના વેપાર કાંઈ આમ રસ્તે ચાલતાં થાય ? પેહેડી ઉપર આવજો. તમારો નમુનો લાવજો. પછી જે હશે તે થઇ રહેશે."

આ કોચીના સાહુકારો તો ત્યાંથી જઇને બધા એકઠા થયા. બરાબર લાગ સાંધી, શેઠ પેહેડી ઉપર આવ્યા છે જાણી, પ્રથમ લોભીદાસ પેહેડી ઉપર આવ્યો. શેઠે તેને ઓલખ્યો કે, એ તો આજ સવારના મળ્યો હતો તેજ છે. શેઠ થોડીવાર બીજા કામમાં હતા ત્યાંથી પરવાર્યા એટલે લોભીદાસને બોલાવ્યો. તેની સાથે થોડીવાર વેપારને લગતી વાત કીધી પછી તે ઉઠીને ચાલતો થયો. ચારે જણાઓ એક પછી એક ત્યાં આવી ગયા. આઠ દશ દહાડા ધક્કા ખાઇ બેચાર માલના સોદા પણ કર્યા. કાંઇક માલ શેઠની પાસેથી ખરીદ કીધો તેમ કેટલોક શેઠને આપ્યો. એ પ્રમાણે બે મહિના કાઢી નાખ્યા. આ બે મહિનામાં શેઠ સાથે જરાતરા હસવા બોલવાનો વહેવાર પણ પડયો હતો. શેઠનો વૃદ્ધ મુનીમ અમીદાસ આ લોકોને ઓળખતો હતો અને તેમના હાથમાં શેઠ ન ફસાય તેની ચોકસી રાખતો હતો. આ લોક કેવા માણસો છે તે વિષે પણ તેણે શેઠને કાને ઇસારો નાખ્યો હતો પણ શેઠ પોતે કાંઇ પ્રપંચ સમજતો ન હતો તેથી બધાને પોતાના જેવા ભલા માણસો જાણતો હતો. એક દિવસે મુનીમ બહાર ગયો હતો તે વખતે લાગ જોઇ જુઠાચંદે

હાથ જોડી કહ્યું, "શેઠજી, કાલે મારા છોકરાની વરસગાંઠ છે તેથી મારા મિત્રોને મેં જમવા બોલાવ્યા છે, માટે આપ ત્યાં પધારશો તો ઉપકાર થશે." જુઠાચંદનું આવું બોલવું સાંભળીને શેઠે કહ્યું, "ભાઈ જુઠાચંદ, હું કયાંય પણ જમવા જતો નથી, તેથી મારાથી ત્યાં જમવા આ-વવાનું બનવાનું નથી."

જુઠાચંદે કરગરીને શેઠની વિનંતિ કરવા માંડી, એ-ટલામાં છાલકીદાસ ત્યાં આવ્યો. જુઠાચંદને આ પ્રમાણે કરગરતો જોઈ છાલકીદાસે કહ્યું, "શેઠજી, આપને ત્યાં આવવામાં શી હરકત છે ? આપના આવ્યાથી તો અ-મને શોભા મળશે." આ પ્રમાણે જ્યારે છાલકીદાસે પણ કહ્યું તેથી શેઠથી ના પડાઈ નહિ. ઉજાણી બીજે દિવસે હોવાથી ચાર વાગે આવવાની કબુલાત આપી. જુઠાચંદ અને છાલકીદાસ તો આનંદ પામતા ત્યાંથી ચાલી નીક-ળ્યા. ગામ બહાર એક વાડી હતી તેમાં તેઓએ ઉજાણી કરવા ઠરાવ કર્યો હતો.

નવલચંદ બીજે દિવસે સાંજ પડી એટલે ઘેર જ-વા ઉઠયો. વૃદ્ધ મુનીમે નવલચંદને આજે વહેલો ઊઠતો જોઇને તેમ કરવાનું કારણ પૂછયું. નવલચંદે બહાનું કા-ઢયું કે, જરા પેટમાં દુઃખે છે તેથી વહેલોજ ઘેર જઇશ. આમ કહી ઘેર આવીને નવા કપડા કાઢયા. કોઇ દહાડે નહિ અને આજે વહેલા ઘેર આવીને નવા કપડા કાઢયા તેથી શેઠાણી વિચારમાં પડી. નવચંદ ભોળો અને ભલો છે એમ તે જાણતી હતી. તેમ વળી નવલચંદ તેનાથી કાંઇ પણ વાત છૂપી રાખતો ન હતો. એટલે તેનું કારણ પૂછયું. તેના ઉત્તરમાં પોતે કયાં જતો હતો તે પણ ન-વલચંદે ખરેજ કહ્યું. આ સાંભળી શેઠાણી બોલી, "ભલે જાઓ, જવામાં કાંઇ હરકત નથી, પણ મિત્રાચારી કરો

તો સારા મિત્રોનીજ કરજો. સારા મિત્રોથી હમેશ ફાયદોજ મળશે. નઠારાની મિત્રાચારીમાં કાંઇ પણ ફાયદો થવાનો નથી."

નવલચંદે ઉત્તર વાળ્યો, "જેને ત્યાં આજે ઉજાણી છે તે તો વેપારી છે અને ઘણો ભલો માણુસ જણાય છે."

રતન શેઠાણી બોલી, "ભલે જાઓ, પણ પાછા કેટલે વાગે આવશો?" નવલે ઉત્તર દીધો, "પાછો બરાબર હું સાત વાગે આવીશ."

આમ કહી નવલચંદ નગરશેઠ કપડા પહેરી વાડીએ જવા નીકળ્યો. ચારે જણા શેઠના આવવાની રાહ જોઇ બેઠા હતા. નવલચંદ આવશે કે નહિ તે વિષે તેમના પેટમાં હજી દગદગો હતો, એટલામાં તો તે આવી પહોંચ્યો. તેઓ બધા ખુશી થયા. તેઓએ તેને સારી રીતે માન આપ્યું. થોડીવાર વાતચિત કર્યા પછી જમવાનું થયું તેથી જમવા બેઠા. જમ્યા પછી નાચ કરવાની યુક્તિ કરી હતી તેથી એક ગુણકાને બોલાવી હતી તે આવી બેઠી. નવલચંદ જમીને જવાની તૈયારી કરતો હતો તેને મિત્રોએ આગ્રહ કરીને રોકયો અને કહ્યું, "જરા નાચ જોઇને જજો." નવલચંદને નાચ અથવા તમાસો કાંઇ પણ જોવાની ટેવ ન હતી પણ આ મિત્રોના આગ્રહથી તે જરા થોભ્યો. નાચ શરૂ થયો. ગાયનમાં પોતે કાંઇ સમજતો ન હતો પણ ગુણકાના હાવભાવથી તે આનંદ પામ્યો. તેને થયલો આનંદ તેના મિત્રો પામી ગયા. સાત વાગ્યા અને ઘેર પાછા ફરવાનો વખત થયો એટલે શેઠ ઊઠયો. તેને આ પ્રમાણે વેહેલો ઊઠતો જોઇને જુઠાચંદે તેનું કારણુ પૂછયું. ભોળા દીલના નવલચંદે પોતાની સ્રીને વેહેલા આવવાનું આપેલું વચન તેમને કહી દીધુ. તેઓ પામી ગયા કે, ધણી પોતાની સ્રીના હાથમાં છે, માટે

ક્રમેકરીને આ બેઉ જણાઓને કજીઓ થાય તો શેઠ આ-પણા હાથમાં આવે. આજ જો થોડો વખત વધારે રોકીશું તો એને ઘેર કાંઈક ધમાધમી થશે. આમ વિચારી છાલકીદાસે તેને થોડીવાર વધારે રહેવા સમજાવ્યો. નવલની ત્યાં રહેવાની ખુશી તો હતી, તેમ પોતે વહૂને વચન આપી આવ્યો હતો તે પણ ભૂલી ગયો ન હતો. તથાપિ એક કલાક બીજો પણ વધારે ત્યાં નાચ જોવા રહ્યો. હવે વધારે વાર તેને ખોટી કરવો વાજબી ન ધારી તેઓએ તેને આગ્રહ કરવો મૂકી દીધો અને જવા દીધો. નવલચંદ મનને મારીને ત્યાંથી નીકળીને ઘેર આવ્યો, ઘેર આગલ શેઠાણી તેની રાહ જોઇને બેઠી હતી. કહેલા વખતથી વધારે વાર થઇ તેથી તે અધીરી થઇ હતી, પણ આખરે નવલચંદ આવ્યો તેથી તેને કાંઇક ધીરજ આવી હતી. શેઠ કપડા કહાડયા પછી રતને ધીરે રહીને વાર લાગવાનું કારણ પૂછ્યું. તેના જવાબમાં નવલચંદે એટલોજ જવાબ આપ્યો કે, મિત્રોએ થોડીવાર વધારે રોકવાથી તથા ગપાસપામાં વખત નીકળી ગયો તે માલમ ન પડયો.

રતન સમજુ હતી. તેણે આ વાત ખરી માની, બીજી કોઇ હોય તો કંકાશ કર્યા વગર ન રહે. પોતાનો પતિ સદ્‌ગુણી છે અને તેથી કોઇ દુર્ગુણી મિત્રની સોબત નહિ રાખે એમ તેની ખાત્રી હતી.

આ વાતને થોડા દિવસ વીતી ગયા પછી છાલકીદાસે આવી હાથ જોડી વિનંતિ કીધી, “શેઠજી, મારા પુત્રની વર્ષગાંઠ છે તેથી આજે મેં ઉજાણી કીધી છે. આપ પધારીને મને માન આપશો એવી આશા છે.” નવલ બોલ્યો, “છાલકીદાસ, તમે જાણો તો છોજ કે, હું ક્યાંય પણ જતો આવતો નથી. તે દહાડે જુઠાચંદને ત્યાં આ-

ર્યો તે તો તમે બહુ આગ્રહ કર્યો તેથીજ. માટે હાલ તો મને માફ કરો." છાલકીદાસે કરગરી પડીને કહ્યું' "શેઠજી, મારા ગરીબના ઘરને આપ પધારીને પાવન કરશો એવી મેં આશા રાખી હતી તે આજ તો તમે મને નિરાશ કરોછો. મારે ત્યાં આ તો પહેલવહેલું કારજ આવ્યું છે. હજી તો છોકરો મોટો થશે અને વિવાહ કરીશ ત્યારેજ બીજું કારજ કર્યું ગણાશે."

છાલકીદાસને આ પ્રમાણે કરગરી પડતો અને ખેદ દર્શાવતો જોઇ શેઠને દયા આવી. તેમનું હૈયું પીગળ્યું. તેણે હા પાડી. છાલકીદાસ આનંદ પામી ત્યાંથી ગયો અને પોતાના મિત્રોને તે વાતથી જાણીતા કીધા. તેઓએ ઉજાણીની બધી તૈયારી કીધી અને નાચ કરવા પેશીજ ગુણિકાને સુદ્ધાં બોલાવી.

આ તરફ નવલચંદ પણ ચાર વાગતાંજ ઉઠયો. વૃદ્ધ મુનીમથી પોતાના શેઠને વહેલો ઉઠતો જોઇને બોલ્યા વગર ન રહેવાયું. તે બોલ્યો, "શેઠ, આજે વહેલા વહેલા!" નવલચંદે ઉત્તર દીધો, "જરા કામ છે તે જાઉંછું." આજારીનું બહાનું કાંઈ વારેઘડીએ ચાલે? મુનીમે કહ્યું, "શું કામ છે?" શેઠે જવાબ આપ્યો, "કાંઈ ખાનગી કામ છે." મુનીમે કહ્યું, "મારાથી ખાનગી રાખવા જેવું તે શું કામ હોય?" નવલચંદે જવાબ આપ્યો, "હાલ તમને કહેવાય તેમ નથી." મુનીમે કહ્યું, "ઠીક, શેઠ, જેમ તમારી મરજી."

નવલચંદ તો ચાલતો થયો. ઘેર આવી કપડા કાઢયા એટલે રતને પૂછયું, "કાં, આજ વળી કયાં સ્વારી ચાલી?" નવલચંદે જવાબ દીધો, "એક બીજા મિત્રને ત્યાં ઉજાણી છે તેથી ત્યાં જવું છે." રતને કહ્યું, "તમે આ પ્રમાણે જશો તે ઠીક નહીં. પછી તો તમારી મર-

જી." નવલચંદે કહ્યું, "અરે તે બીચારો એટલો તો કગ-ળી પડયો કે, મારાથી ના ન પડાઇ, આજ તો હું વહેલોજ આવીશ. વધારે વાર નહિ રોકાઉં." રતને પૂછ્યું, "કેટલે વાગે આવશો." નવલચંદે ઉત્તર દીધો, "સાત આઠ વાગશે તો ખરાજ. હસવા બોલવામાં વખત નીકળી જાય તે જણાય નહિ." રતને કહ્યું, "શું સાત આઠ તે વહેલા થયા? જેમ તમારી મરજી."

નવલે તો જાણે સાંભળ્યું ન હોય તેમ કપડા પહેરી ચાલવા માંડયું. પોતાના મિત્રોને તે વખતસર આવી મળ્યો. પેલાઓએ પણ બધી તૈયારી કરી રાખી હતી. જમી રહ્યા પછી નાચ શરૂ થયો. નાચ સાથે હસવા બોલવામાં વખત નીકળી ગયો તે જણાગો નહિ. આઠ વાગ્યા કે, નવલ ચમકી ઊઠયો. તેને ઊઠતો જોઇ મિત્રો પણ સાથેજ ઉઠયા. અને આ પ્રમાણે તેના એકદમ ઊઠવાનુ કારણ પૂછ્યું. નવલે તેના જવાબમાં જણાવ્યું કે, મારાથી હવે વધારેવાર રેહવાય તેમ નથી. આઠ તો વાગી ગયા. પણ પેલા મિત્રોએ વધારે આગ્રહ કરવાથી અને તેમની શરમ ન છડાઇ અને નાચમાં પોતાને પણ રસ પડતો હોવાથી થોડીવાર વધારે ત્યાં રહેવા વિચાર કરીને નવલચંદ પાછો બેઠો. પણ નવ વાગતાંજ તે પાછો ઊઠયો. વધારે આગ્રહ કરવો મૂકી દઇને પેલાઓએ તેને જવા દીધો. રતન સમજુ હતી તે સમજી ગઇ કે મારા ભોલા પતિને મળેલા મિત્રો સારા તો નથીજ. આ પ્રમાણે વધારે રોકનાર તેઓજ છે. પણ આ ભોળાના મનમાં તે વાત ઉતરવી મુશકેલ હતી. આમ રતન ધારતી. પણ તેમાં તેની ભૂલ હતી. નવલચંદ નાનપણથી પોતાના બાપના ધાકમાં રહેલો એટલે કોઇની સાથે મિત્રતા ન હતી અને તેથી તે સારા નરસા વચ્ચેનો અંતર

ઓળખી શકતો ન હતો. વળી સારૂં સારૂં ખાવા પીવાનું તથા નાચ તમાસા પણ તેણે જોયા ન હતા, તેથી આ પ્રથમજ જોઇને તેની જિજ્ઞાસા તે તરફ ઉશ્કેરાઇ હતી.

થોડો વખત ગયા પછી ત્રીજે મિત્ર તેને નોતરૂં દેવા આવ્યો. કાંઇ પણ આનાકાની વગર તેણે તે કબૂલ કર્યું. વૃદ્ધ મુનીમને કાંઇક પ્રથમથીજ શક ગયો અને તેમાં આ સાહુકારો (!)ને નવલચંદ સાથે છાની વાતો કરતાં તેનો વેહેમ વધ્યો હતો, કેમકે તે આ લોકોને સારી રીતે ઓળખતો હતો. સાંજ પડતાંજ નવલ ઊઠયો એટલે મુનીમે કહ્યું, "શેઠ, આ લોકો સારા માણસો નથી માટે એની સોબતથી કાંઇ લાભ નહિ થાય. એમાંથી તો તમને હાનીજ થશે. મારૂં કહ્યું માનો તો એમની સોબત મૂકી દ્યો."

પણ નવલચંદના મનને આ વાત રૂચી નહિ. વૃદ્ધ મુનીમનું બોલવું ગણકાર્યું નહિ. કામ ઉપર કાંઇક ધ્યાન આપ્યું કાંઇ ન આપ્યું એમ કરીને ઊઠી ગયો. ઘેર જઇ કપડા પેહેરવા માંડયા એટલે રતન સામે આવી ઊભી. તેને જાણે જોઇ ન હોય તેમ બોલાવી પણ નહિ. થોડી વાર ગૂપચૂપ ઊભી રહ્યા પછી રતન પોતેજ બોલી, "આજ તો કાંઈ બોલતા નથી. કોને ત્યાં ઉજાણી છે ?" રતન આ પ્રમાણે વ્યંગમાં બોલેછે એમ જાણી નવલે પ્રથમ તો કાંઈ જવાબ ન આપ્યો, પણ ફરીથી બીજી વખત જ્યારે એજ સવાલ થયો ત્યારે જવાબ આપ્યો "મારા એક મિત્રને ત્યાં ઉજાણી છે ત્યાં જાઉં છું." શું જવાબ મળશે તે વિષે રતન તો પ્રથમથીજ ધારતી હતી. તે બોલી, "તમે ઉજાણી જાઓછો તે તો ઠીક, પણ તમારા મિત્રો સારા નથી એમ જણાય છે. આ મિત્રોની મિત્રાચારીમાંથી તમે કાંઈ લાભ મેળવો એમ મને મુદ્દલ લાગતું

નથી. પણ આ રોજની ઉજાણીમાંથી ખુવાર થશો એ તો હું જાણું જ છું." નવલચંદનું ચિત્ત તો ઉજાણીમાંજ લાગ્યું હતું અને તેમાં વળી પેલી વેશ્યાનું ગાયન સાંભળવા તથા હાવભાવ જોવામાં મન હતું તેથી રતનની શીખામણ તેને ઝેર જેવી લાગી. પોતે કોઇ દિવસ ક્રોધ કરતો ન હતો તે આજે રતન ઉપર ક્રોધે ભરાયો. ક્રોધમાંને ક્રોધમાં રતનને બેચાર ગાળો દઈ દાદર ઉતરી ગયો. રસ્તે ચાલતાં ચઢેલો ક્રોધ ઉતરી ગયો. ઠેરાવેલા વખત કરતાં પણ આજ તો તે વેહેલો ઉજાણીમાં આવ્યો તે જોઇ તેના કહેવતા મિત્રોને આનંદ વ્યાપ્યો. તેમના મનને ખાત્રી થઈ કે, નવલચંદ હવે તેમના હાથમાં ખરેખર આવશેજ. જમ્યા પછી નાચ શરૂ થયો. આઠ વાગ્યા, નવ વાગ્યા પણ નવલે ઊઠવાની કાંઈ દરકાર ન કીધી. આખરે દશ વાગ્યા અને મિત્રોએ કહ્યું કે, હવે આપણે નાચ બંધ કરાવીએ તો કેમ? નવલચંદ જેને હવે નાચ જોવામાં રસ પડતો હતો તેણે કહ્યું કે, થોડીવાર ભલે ચાલે ! ચાલવા દો ! !

નાચ ગાયન થોડીવાર ચાલ્યા પછી નવલચંદે જોયુ કે, આજ તો ઘણોજ વખત થઇ ગયો માટે ઘેર જઇએ તો ઠીક ધારી બંધ કરાવ્યું.

નાચગાયન અને ઉજાણી કાંઈ ખરચ વગર થતી અને રોજરોજ કોઇ ખરચ કરે તેમ પણ નથી એમ ધારી નવલચંદે પોતાના મિત્રોને કહ્યું, "મિત્રો આજથી ત્રીજે દહાડે હું બધાને ઉજાણી આપીશ. ગાયન ગાવાને આ તાયફાને કહી રાખશો તો ઠીક થશે." મિત્રોએ કહ્યું, "શેઠજી, આપને ત્યાં કાંઈ અવસર હોય ને ઉજાણી આપો તો ઠીક લાગે. અવસર વગર શોભે નહિ." નવલચંદે કહ્યું, "પરમ દહાડે મારી વર્ષ ગાંઠ છે તેથી તેની

હું ઉજાણી આપીશ.” મિત્રોએ કહ્યું, “જો એમ હોય તો ઠીક.”

પોતાના સાંણુસામાં નવલચંદ બરાબર આવ્યો છે એમ તેમને લાગ્યું. એક બોલ્યો, “પણ શેઠજી, આ ઉજાણીનો તથા તાયફાનો મલીને રૂપીઆ પાંચશો ખરચ થશે તેનો વિચાર કરજો.” નવલચંદે કહ્યું, “પાંચશો શું પણ હજાર રૂપીઆ થશે તો તેપણ ખરચ કરવા હું શક્તિવાન્ છું.” તેના મિત્રોબોલ્યા, “જો એમજ મરજી છે તો અમારે કયાં ના છે. અમે તૈયારજ છીએ.”

બધા ઘર તરફ વળ્યા. છાલકીદાસ વગેરેએ બીજે દિવસથી તૈયારી કરવા માંડી. નવલચંદે પણ રૂપીઆ એક હજાર ખરચ ખાતે લખાવી પોતાની પાસે રાખ્યા. વૃદ્ધ મુનીમને જે શક પડયો હતો તેને કાંઈક ટેકો મળ્યો. નવલચંદ નકીજ ખરાબ રસ્તે ગયો છે, તેને નઠારા સોબતીઓ મલ્યા છે એમ તેની ખાત્રી થઈ. પોતે એક બે વખત તેને શીખામણ આપી હતી પણ તે તેને ગળે ઉતરી ન હતી તેથી મુનીમ ચેતી ગયો. હજી પણ કંઈક ઉપાય હતો. આજ પહેલવહેલીજ શેઠે એક હજારની રકમ ઉપાડી હતી, તેથી પાસેરામાં પહેલી પુણી છે જાણી કાંઈ અક્કલ વળશે એમ માની મુનીમે પોતાથી બનતા બે શબ્દો સમજાવવા ઠરાવ કર્યો. નવલચંદ એકલો બેઠો હતો ત્યાં જઈ મુનીમે કહ્યું, “નવલચંદ, શેઠ, આ તમે શું કરવા માંડયું છે? તમારા મનમાં શો વિચાર છે તે કાંઈ હું જાણતો નથી. ગામમાં સૌથી લુચ્ચાના પીર જેઓ કહેવાય છે તેમની જોડે તમે મિત્રતા બાંધી છે. તેમની સાથે ઉજાણીઓ ખાવા અને નાચરંગ જોવા તમે જાઓ છો. આ બધાનું પરિણામ સારૂં આવવાનું નથી એ નિશ્ચય જાણજો. બાપુ, કાંઈક જરાક તો વિચાર રાખો. આજ

દશ દશ પેઢી થઈ નગરશેઠ તરીકે ઓળખાઓ છો, જંગલમાં પણ તમારી હુંડી વટાવી શકાય છે. દેશ દેશાવર તમારી પેઢીઓ છે. તમારી આંટ છે એ તમારી આબરૂ છે. લક્ષ્મી જેવી રત્ન વહુ છે આ બધું મૂકીને તમે આ હલકા લોકો સાથે સંબંધ રાખોછો, તેમની સાથે ઉજાણીએ જઇ, સારા માણસો તમારી તરફ આંગળી ચીંધે એવું કરોછો, આ કાંઇ તમને છાજતું નથી. તમારા પિતાજી કેવા સ્વભાવના હતા તે તો તમે જાણોછો. તમને નીતિવાન્, શાણા, વિદ્વાન્ અને આબરૂની દરકાર રાખનાર કરવામાં એમણે પોતાની બધી જીંદગી ગાળી હતી. પોતે તથા પોતાની દશ પેઢીથી જે ચાલતું આવ્યું છે તેમાં ઘટાડો ન કરતાં ઉલટો વધારો કરવા તેમણે કોશેશ કીધી હતી. તમે આજ તે આબરૂ અને દોલતમાં ઘટાડો કરવા માંડો છો એમ મને જણાય છે. શેઠ જેને પેટમાં દાઝશે તે બોલશે. તમારે ત્યાં ચાકરી કરતાં મારી ત્રણ પેઢી થવા આવી. તમારા બાપની ચાકરી કરતાં મને આજ લગભગ ચાલીશ વરસ થવા આવ્યા. હું જે કહેતો હઇશ તે ખરૂંજ કહેતો હઇશ. પછી તમને સારૂં લાગો વા માઠું. કહેનાર તો કહી છૂટશે, તે પ્રમાણે કરવું ન કરવું તમારા હાથમાં છે. મારી જે ફરજ હતી તે હુ બજાવી છૂટુંછું. આમાંથી પરિણામ સારૂં નીપજવાનું નથી એટલી તો ખાત્રી રાખજો." વૃદ્ધ મુનીમ આટલું બોલ્યો તો ખરો પણ તે બોલતાં બોલતાં તેની આંખોમાં આંસું ભરાઇ આવ્યા. નવલચંદના મનમાં પણ મુનીમનું બોલવું ખરૂં ભાસ્યું પણ ઉજાણીની પોતે રજા આપેલી હતી તેથી વચન ફેરવવો તેને ઠીક ન લાગ્યું. તેણે મનમાં નિશ્ચય કર્યો કે ફક્ત આ છેલ્લી ઉજાણીમાંજ જવું. બીજી વખત જવું નહિ. મોઢા ઉપર શરમ ચઢી આવી. તે મુનીમના

જોવામાં આવી. મુનીમ સમજી ગયો કે, નવલચંદની આં-
ખમાં જ્યાં સુધી શરમ છે ત્યાં સુધી હજી સારૂં છે. હજી
આ સુધરશે. આમ વિચારી મુનીમ ત્યાંથી ઊઠી ગયો
નવલચંદે પણ ત્યાંથી ઊઠી જઈ ઉજાણીમાં જવાની તૈ-
યારી કરવા માંડી. પોતાની ઉજાણી એટલે વેહેલા જવુ
જોઈએ જાણી નવલચંદ ઘેર આવ્યો. રતન બે દિવસ
થયાં પોતાના પતિમાં પડી ગયેલો ફેર જોતી હતી. તેમ
વળી આજ તો વધારે વેહેલો આવેલો જોઈ વધારે વેહે-
માઈ. પોતાનો પતિ ખરાબ રસ્તે ગયો છે, અને જો વ-
ધારે ખરાબ રસ્તે ચઢશે તો પાછો હાથ આવવો મુશ્કેલ
છે, એમ જાણી તેણે બે શબ્દો કહેવા ઠરાવ કર્યો. પતિ
પાસે આવી તે બોલી, "તમે ત્રણ વખત ઉજાણીમાં જઈ
આવ્યા તેની કાંઈ ના નથી. પણ આમ દરરોજ જશો
તે ઠીક નહિ. આપણી આબરૂ તરફ તો કાંઈ જુઓ
નઠારાની સોબતથી કોઈને ફાયદો થયો નથી." રતન આ
ટલા શબ્દો બોલી એટલામાં તો નવલનો મીજાસ ગયો
પોતાને સ્ત્રી શીખામણ આપે તે તેનાથી ખમાઈ નહિ
તેની આંખો લાલ થઈ આવી. રતનના જોવામાં તે આ
વી. પતિને ક્રોધ ચઢયો છે તે દીઠો એટલે વાત ફેરવવા
ની કોશેશ કરવા લાગી પણ તેના મોઢામાંથી શબ્દો ની
કળી ન શકયા. આંખમાં આંસુ આવ્યા તે એમજ રહ્ય
રતનની આવી દશા જોઈ નવલચંદને ચઢેલો ગુસ્સો ઉત
રી ગયો. તેણે કપડા પહેરી લીધા અને ઘરમાંથી ઉત
વળો બહાર નીકળી ગયો. પાધરો તે વાડીએ ગયો. ત્ય
તેના મિત્રોએ બધી તેયારી કરી રાખી હતી તેના આ
નંદમાં ભલતાં મુનીમની શીખામણ અને ઘરની વાત ભૂલ
ગયો. જમ્યા પછી નાચગાયન શરૂ થતાં તેમાં તે એટલે
લો લીન થઈ ગયો કે, કેટલા વાગ્યા એ પણ વીસરં

ગયો. મધરાત ઉપર થતાં બધું બંધ થયા પછી તે ઘેર આવ્યો. હજાર રૂપીઆની રકમ ઉપર એકદમ એક દિવસમાં તેણે પાણી ફેરવ્યું. બસો અઢીસોનો ખર્ચ કરી બાકીના રૂપીઆ તેના કહેવાતા મિત્રોએ ગજવામાં મૂકયા.

નવલચંદના ગયા પછી રતનને રડવું આવ્યું. તેના ઘરમાં બીજું કાઇ નાનું મોટું માણસ ન હતું કે, તેને રડતી જોઇ છાની રાખે. રડતાં રડતાં જ્યારે આંસુઓ ખૂટયાં ત્યારે રતને ઇશ્વર ઉપર ભરોસો રાખી તેને જે ગમસે તે ખરૂં એમ કહી મન વાળ્યું. મધ રાત વીતી જતાં નવલ ઘેર આવ્યો. રતનનો ચહેરો ઉદાશ જોઇ તે કાંઇ બોલ્યો નહિ. પણ પોતાના જવાથી આમ થયું છે એવું તેણે ધાર્યું. રતન જમી કે ભૂખી હતી તે પણ તેણે ન પૂછ્યું. થાકેલો આવ્યો હતો તેથી ઉંઘી ગયો. રતને આખી રાત ઉજાગરામાં કાઢી. પોતાનો પતિ ખરાબ રસ્તે ચઢી ગયો છે તેથી તેનું શું થશે તે વિષે આખી રાત તેને વિચાર થયા. આમાંથી પતિને શી રીતે બચાવવો તે પણ તેને ન સુજ્યું.

બીજે દિવસે સવાર પડી. નવલચંદ પહેડી ઉપર ગયો પણ તેને કાંઇ કામકાજમાં સુજ ન પડી. મોજ મજા છોડી દઇને આવી વેઠ કરવી તેને સારી ન લાગી. "આપણી પાસે કરોડો રૂપીઆની પુંજી છે તે કાંઇ ખાતાં ખુટવાની નથી, તેમજ આપણો વેપાર ચાલે છે તેથી તેમાં દરરોજ વધારો થયા કરશે, માટે થોડા દિવસ મોજ મજા કરી લેવી." આમ ધારી તેણે પોતાના કહેવાતા મિત્રોને માણસ મોકલી બોલાવી મંગાવ્યા અને તે દહાડે વાડીમાં ઉજાણી કરવા હુકમ કર્યો. મિત્રો તો આનંદ પામી ત્યાંથી ગયા અને જમવાની તૈયારી કરવા માંડી. વૃદ્ધ મુનીમના જેવામાં આ આવ્યું તેથી તેના મન-

ની તો ખાત્રી થઇ કે, નવલચંદ આમાંથી સુધરવો મુશ્કેલ છે. બને તે ખરૂં, ધારી મુનીમે નવલચંદની પાસે આવીને કહ્યું, "નવલચંદ, શેઠ, તમે માનતા નથી અને આ લુચ્ચાઓની સોબતમાં પૈસા ખરાબ કરોછો તે ઠીક નહિ. મેં તમારા બાપના વખતથી ચાકરી કરી છે તેથી તમારે વિષે મને લાગે છે એટલે આટલું કહેવું પડે છે. મારાથી ખાધેલું લૂણ હરામ થાય તેમ નથી તેથી શેઠ હવે મને રજા આપો તો વધારે સારૂં."

વૃદ્ધ મુનીમનું આવું બોલવું સાંભળીને નવલચંદે ગુસ્સામાં ને ગુસ્સામાં કહ્યું, "બેલાશક, જાઓ, આજથીજ તમને રજા છે." વિનાશકાળે વિપરીત બુદ્ધિ. ઘણા વરસના અનુભવી મુનીમને આ પ્રમાણે તેણે તરછોડી કાઢયો.

વૃદ્ધ મુનીમ આંખમાં આંસુ લાવી પહેડી છોડી ચાલતો થયો. તે દિવસ પછી નવલચંદ પોતાના લુચ્ચા મિત્રોની સોબતમાં રાત દિવસ પડી રહેવા લાગ્યો. બે બે ત્રણ ત્રણ દિવસે એક વખત ઘેર આવવા લાગ્યો. પહેડી હાલ બેહાલ ચાલવા લાગી. માણસો ગમે ત્યારે આવે અને ગમે ત્યારે જાય એવી વ્યવસ્થા થઇ રહી. પતિ બગડેછે જાણી રતને બે ત્રણ વખત શીખામણ આપી પણ તેને માર મારી મુંગી રાખી. ઇશ્વર ઉપર ભરોસો રાખી રતન બેઠી. થોડા વખતમાં દેશ દેશાવરની તેની પહેડીઓ ભાંગવા લાગી. માણસો જેના હાથમાં જે આવે તે લઇ પચાવી પાડવા લાગ્યું. બે વરસની મુદતમાં તો આ નગર શેઠની કરોડો રૂપીઆની પુંજી ધૂળ મળી ગઇ. આટલું છતાં પણ નવલચંદની આંખ ઉઘડી નહિ. રતનનું ઘરેણું તેને પિયર હતું તે પણ મંગાવી ઉડાવી દીધું. તેને નામે તેના મિત્રોએ કરજ કર્યું હતું તેની હવે ઉઘરાણી ચાલવા

માંડી. નવલચંદની હવે આંખ ઉઘડી. પણ પોતાના મિત્રો જેમને તેણે પોતાના લાખો રૂપીઆ ખવરાવી દીધા હતા તેઓ પોતાને જરૂર મદદ કરશે એવી તે આશા રાખતો હતો. તેની તો ખાત્રી હતી કે, હવે તેને જરૂર મદદ આપશે. પ્રથમ તો તે જુઠાચંદને ત્યાં ગયો. આ જુઠાચંદ નવલચંદની પુંજીમાંથી ઓછામાં ઓછો દશ લાખ રૂપીઆનો માલ ખાઇ ગયો હતો અને લખાતપતિ થઇ બેઠો હતો. નવલને પોતાને ત્યાં આવતો જોઇ તે તેનુ કારણ ચેતી ગયો. તોપણ મોઢું હાવકું રાખીને બેઠો. નવલચંદે તેની પાસે આવી પોતાને થોડા પૈસા ધીરવાની અરજ કીધી. જુઠાચંદે કહ્યું, "હાલ જરા મારો હાથ ખેંચમાં છે તેથી મારાથી કાંઇ બને તેમ નથી. જાઓ, બીજા કોઇની પાસે માગી લ્યો." જે જુઠાચંદ નવલચંદને જોઇને છેક ભોંય સુધી નમતો હતો તેણે જરા પણ માન ન આપ્યું તે જોઇને નવલ ખિન્ન થયો. તે ત્યાંથી નીકલી છાલકીદાસને ત્યાં ગયો. છાલકીદાસે તેને આવતો જોઇ પોતાના માણસને કહી રાખ્યું કે, નવલ આવે તો કહેવું કે, શેઠ ઘરમાં નથી. નવલે ઘરમાં જવા માંડયું તો પેલા ચાકરે કહ્યું કે, કયાં જાય છે? નવલે કહ્યું, "શું તું મને ઓલખતો નથી? હું તારા શેઠ પાસે જાઉંછું." પેલા ત્રણ બદામના ચાકરે કહ્યું, "હું તને ઓલખતો પણ નથી. તેમ મારા શેઠ ઘરમાં નથી." પોતાનું આ પ્રમાણે અપમાન થતું જોઇને નવલચંદ ત્યાંથી ચાલી નીકળ્યો. ચારે મિત્રોને ત્યાં જઇ આવ્યો પણ કોઇએ તેને માન ન આપ્યું. હવેજ તે પોતાની ખરી હાલત સમજી ગયો. પોતાના ઘરબાર વેચી નાખી તેણે માગનારાઓને ચૂકાવી આપ્યું. રતનનું કહ્યું ન માની તેનું અપમાન કર્યું હતું તથા પોતે તેનો દાગીનો પણ ખાઇ ગ-

યો હતો તે બધું સાંભરીને તેને પસ્તાવો થયો. રતને પોતાના પતિને થતો પસ્તાવો જોઇ લીધો.

રતનના શરીર ઉપર પેહેરવાના એકાદ બે નાના ઘરેણાં શિવાયનાં બધાં ઘરેણાં ઉતરી ગયાં હતાં. આ એકાદ બે ઘરેણાં રતને પોતાની પાસે સંતાડી રાખ્યાં હતાં તેથીજ રહ્યાં હતાં નહિ તો તેપણ કયારનાં જતાં રહ્યાં હોત.

પાલીતાણામાં રહેવું સારૂં નહિ જાણી નવલચંદે બીજે દેશ જવા વિચાર કર્યો. જે શેહેરમાં નગરની શેઠાઇ ભોગવેલી તે શેહેરમાં કોઇની ચાકરી કરીને ખાવું તેને ગમ્યું નહિ. રતનને લઇને તે બીજે દેશ જવા નીકળ્યો. રસ્તામાં તેના સસરાનું ગામ આવ્યું. નવલે વિચાર કર્યો કે, રતનને તેના બાપને ઘેર મૂકીને હું પરદેશ જઇશ અને કાંઇ ચાકરી ધંધે લાગ્યા પછી રતનને ત્યાં બોલાવી લઇશ. તેણે પોતાનો વિચાર રતનને જણાવ્યો. રતને કહ્યું, "હું મારા બાપને ત્યાં કદી પણ રહેનાર નથી, જ્યાં તમે જશો ત્યાંજ હું આવીશ. તમને દુઃખમાં રાખી હું મારા બાપને ઘેર સુખમાં રહું એ તો મુદલ બનવાનું નથીજ. હું તો તમારે સુખે સુખી અને તમારે દુઃખે દુઃખી થઇશ. માટે તમે જ્યાં જાઓ ત્યાં મને સાથેજ તેડી જજો."

નવલચંદે ઘણી ઘણી સમજાવી પણ રતન એકની બે ન થઇ. સસરાનું ગામ રસ્તામાં આવ્યું તો ત્યાં જવાની રતને ઇચ્છા બતાવીને કહ્યું કે, હું મારી મા બહેનોને મળી લઉં. નવલચંદ તેથી તેની સાથે ગામમાં ગયો. નગરશેઠનો પુત્ર કોઇ દિવસ તાઢ તડકામાં ચાલેલો નહિ, જેણે રસ્તો કેવો થાય તેપણ દીઠેલો નહિ તે આજે હલકા કપડામાં ધૂળથી ભરાયલો પોતાના સસરાના

ગામમાં જઇ પહોંચ્યો. નવલચંદના સસરાને કાને તેની ખુવારીનો કાંઇક વાત આવી હતી પણ આટલે સુધી વાત આવી હશે એવો તો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. પણ પોતાની દીકરી તથા જમાઇને મીસકીન વેશે પોતાને ત્યાં આવેલા દીઠા ત્યારે તેની ખાત્રી થઇ કે, નગરશેઠ તદન પડી ભાગ્યો છે. તોપણ બે દિવસ સુધી જમાઇને પોતાના ઘરમાં રાખવા તેણે વિચાર રાખ્યો. દીકરી જમાઇને ઘરમાં બોલાવી દીકરીની ખબર પૂછી પણ જમાઇ તરફ તો મુદલ જોયું પણ નહિ પણ નવલચંદ તેની દરકાર કરે એવો ન હતો. રતને પોતાના બાપને મળ્યા પછી માની અને ભાઇઓની મુલાકાત લીધી. પછી પોતાના બાપ તથા ભાઇઓને એકાંતમાં બોલાવીને કહ્યું, "અમારી આજે પડતી દશા થઇ છે માટે એમનો (નવલચંદનો) હાથ તમે ઝાલશો તો ઠીક. થોડા દિવસ એમને તમારે ત્યાં રાખી, પછી કયાં ચાકરી ધંધે લગાડી આપો તો સારૂં." આ સાંભળીને બાપે કહ્યું, "રતની, તારે રહેવું હોય તો ભલે રહે, પણ તારા વરને કાંઈ અમારાથી હંમેશ અહીં રખાય તેમ નથી. તેમ વળી આ ગામડા ગામમાં ચાકરી ધંધો મળવો પણ મુસ્કેલ પડે. માટે નવલચંદ પોતાનું બીજે કયાં શોધી લે તો ઘણું જ સારૂં." રતનના ભાઇઓએ પણ તેમજ કહ્યું. પણ રતનને ગમ્યું નહિ. અહીં થોડા દિવસ તો શું પણ થોડીવાર પણ રહેવાથી અપમાન થશે જાણી તે પોતાના પતિ પાસે આવી. નવલચંદ તૈયાર થઇને બેઠો હતો. રતનના આવવાનીજ તે રાહ જોતો હતો તેથી જેવી રતન ત્યાં આવી કે તે તરત ઊભો થયો. બેઉ ધણી ધણીઆણી કપડાની એકેક વાની ગાંસડી જે સાથે હતી તે લઇને ત્યાંથી ચાલતા થયા. તેમને કોઇએ "આવજો" સરખું પણ ન કહ્યું.

આ બધા પૈસાના પ્રતાપ હતા. જો નવલચંદ અગાઉની પેઠે પૈસાદાર હોત તો એજ તેનો સસરો અને શાળાઓ તેને ખમા ખમા કરત, પણ હાલ તે નિર્ધન હતો. તેની પાસેના તમામ પૈસા જતા રહ્યા હતા. ખાવાના ફાંફાં પડે એમ હતું. જે વખતે ખરેખરી મદદની જરૂર હતી તે વખતે તો સસરા સરખાએ સામુ પણ જોયું નહિ. નવલચંદ અને ડાહી રતન આ બધું સમજતાં હતાં તેથી તે વિષે ખેદ ન પામતાં ત્યાંથી બીજે ગામ જવા નીકળ્યા.

દિવસના થોડો વખત ચાલતા તથા જ્યાં ગામ આવે ત્યાં વીસામો ખાતા તેઓ કેટલેક દિવસે ભાવનગર શેહેરમાં આવી પહોંચ્યા. ભાવનગરથી તેમનો વિચાર વહાણમાં બેશી સુરત તરફ જવાનો હતો. પણ સુરત જવા ખરચ વાસ્તે તેમની પાસે કાંઈ ન હતું. નવલચંદે પોતાની હાલત રતનને જણાવી કે, મારો વિચાર સુરત જવાનો છે પણ વહાણના ખરચ જોગ કાંઇ નથી તેથી થોડા દિવસ આ શેહેરમાં મહેનત મજુરી કરી પાંચ પૈસા મેળવી પછી ત્યાં જઇશું, આના જવાબમાં રતને કહ્યુ, "આપણે આ શેહેરમાં પરદેશી છીએ તેમજ આપણાથી કાંઇ સખત મેહેનત પણ થઇ શકે તેમ નથી, માટે મારી પાસે આ બે ઘરેણાં રહ્યાં છે તે લ્યો, અને તેને વેચી નાખીને પૈસા કરો એટલે આપણે સુરત જઇશું." અડીને વખતે રતન પાસેથી બે દાગીના નીકળ્યા તેથી નવલચંદે ઇશ્વરનો આભાર માન્યો. બેઉ જણા એક સોનીની દુકાને ગયા. નવલચંદે તેને દાગીના દેખાડી તે વેચવાની મરજી જણાવી. સોની હાથમાં દાગીના લઇ તેને અને તે વેચવા આવનારને પણ જોવા લાગ્યો. રતન જે થોડે દૂર ઊભી હતી તેની તરફ કટાક્ષથી જોઇને કહ્યું, "ત્યારે આ

તમારી ઘરવાળી કે ?" નવલચંદે હા પાડી. સોનીએ રતનને કહ્યું, "તમે છેટે કેમ ઊભાં છો ? પાસે આવોની ?" આ સોની બદ નજરનો છે એમ રતને તરતજ જોઇ લીધું. આ ધણી સાથે કોઇપણ રીતનો વહેવાર પાડવો નહિ એમ તેણે નિશ્ચય કર્યો. તેણે નવલચંદને ઇસારત કરી પાસે બોલાવ્યો. સોનીએ બેઉ દાગીનાના પચાશ રૂપીઆ આપવા કહ્યા. નવલચંદે કહ્યું, "હું મારી ઘરવાળીને પૂછી આવું." રતન પાસે તે આવ્યો. રતને કહ્યું, "આ સોની સાથે કોઇપણ રીતનો વહેવાર પાડશો નહિ. એ બદ નજરનો છે. ચાલો આપણે બીજે ઠેકાણે જઇએ." નવલચંદને પણ તેમજ લાગ્યું તેથી બેઉ જણા ત્યાંથી ચાલી નીકળ્યા. સોનીએ પાછલથી ઘણી ઘણી બૂમો પાડી, પણ ફોકટ. ત્યાંથી બીજી ગલીમાં ગયા, ત્યાં એક વૃદ્ધ સોનીની દુકાન હતી. તે વૃદ્ધ સોની સામે તેનો જુવાન દીકરો બેઠો હતો. નવલચંદે તેને દાગીના દેખાડયા. રતન સોડિયું વાળી ઊભી રહી. રતનને આ પ્રમાણે શરમાઇને ઊભી રહેલી જોઇ પેલા વૃદ્ધ સોનીએ પૂછયું, "ભાઇ, આ તમારી ઘરવાલી છે કે ?" નવલચંદે હા પાડી. એટલે સોનીના પુત્રે કહ્યું, "બેહેન, બાઇ, પાસે આવો શરમાઓછો શું કરવા ? આ તમારીજ દુકાન સમજજો." વૃદ્ધ સોની અને તેના છોકરાના ચહેરા ઉપરથી રતને જાણી લીધું કે, આ સારા માણસો છે. રતન નજદીક આવી. પ્રમાણીક સોનીએ બેઉ ઘરેણાની વાજબી કીમત કરી તેમને પૈસા આપ્યા.

જે નગરશેઠની, જંગલમાં હુંડીઓ શીકરાતી એવી આંટ હતી તેજ નગરશેઠ આજ રોજ જુજ કીમતના દાગીના વેચવા રસ્તામાં નીકળ્યો છે. નાદાનીના અને કુસંગનાં ફળ તે ચાખે છે. મેહેલ જેવી હવેલીમાં રહેનાર તે

આજ રસ્તામાં ઊભો રહી પોતાની પત્ની સાથે વિચાર કરે છે કે, આજની રાત કયાં ગુજારીશું. એ પણ તેના કરમનીજ કહાણી.

રતન જે સમજુ હતી અને પોતાનો વખત વિચારી જાણતી હતી તેણે કહ્યું કે, જ્યાં સૂધી સુરત જતુ વહાણુ મળે ત્યાં સુધી ધર્મશાલામાં આપણે ઉતરીશું. બેઉ જણા ધર્મશાલામાં ગયા. ત્યાં રસોઇ કરી જમીને સૂઇ રહ્યા. બીજે દિવસે સવારના તેમને ખબર મળી કે, એક વહાણ સુરત જવા તૈયાર છે. સારા પવન તથા ભરતી થવાની ખોટી છે. નવલચંદ અને રતન ખાવાનું સાથે લઇ ઇશ્વરનું નામ લઇ પેલા વહાણુમાં નૂર નકી કરી ચઢી બેઠા.

પાંચ આખા દહાડા વહાણુમાં કાઢયા પછી છટ્ટે દિને સવારના પહોરમાં વહાણુ તાપી નદીમાં દાખલ થયું અને સુરતના બંદરમાં આવી લાંગરવાર થયું. મુસાફરો બધા ઉતરવા લાગ્યા. તેમની સાથે આ બેઉ જણા પણ ઉતર્યા. બીજા લોકોને તેમના સગાંવહાલાં અને ઓલખીતાં લેવા આવ્યા હતા પણ આમને તો કોઇ ઓળખતું ન હતુ. નામે ઓળખાણ તો તેને ઘણા લોકો સાથે હતી પણ શરમને મારે તે પોતાનું નામ ખુલ્લું કરી ન શકયો. કોઇ ધર્મશાલા અથવા ખાલી જગા મલે તો તે વિષે પુછપાછ કરતા તેઓ ગામમાં દાખલ થયા. નાણાવટમાં દાખલ થતાંજ એક વૃદ્ધ વાણીઓ દાતણ કરતો હતો તેને જેગોપાલ કરીને નવલચંદે પૂછયું, 'શેઠ સાહેબ, અત્રે કોઇ ભાડેની જગા રહેવાને મલશે ?'' પેલો વૃદ્ધ અનુભવી હતો. તેણે નવલચંદના ચહેરા ઉપરથી જાણ્યું કે, આ કોઇ ખાનદાન કુટુંબનો દેખાય છે. માટે જો સારો માણસ હોય તો તપાસ કરી તેને જગા બતાવવી. વૃદ્ધનું નામ નગી-

નદાસ હતું. તેણે નવલચંદ તરફ જોઇ કહ્યું, "ભાઇ તમે કોઇ પરદેશી જણાઓછો? નાતે કેવા છો?" નવલચંદે કહ્યું, "જ્ઞાતે વાણીઓ છું. દેશ છોડી આ પરદેશમાં કમાવાની આશાએ આવ્યો છું."

આટલી વાતચીત થઇ એટલામાં નવલચંદના નમ્ર ચહેરા અને બોલવા ચાલવાની રીતભાત ઉપરથી નગીનદાસની ખાત્રી થઇ કે, છે તો કોઇ કુલીન, એમાં તો ના નહિ. પછી તે બોલ્યો, "ભાઇ, હાલ સવારનો પહોર છે તેથી કોઇ કોઇ તો હજી સુતું છે એટલે તમને જગા મળવી મુશ્કેલ છે. હમણા તો મારા ઘરમાં ઉતારો કરો, પછી આપણે તમારે વાસ્તે જગા શોધી કાઢીશું." નવલચંદે તેના ઘરમાં ઉતરવા ઘણી ઘણી ના પાડી પણ નગીનદાસે પણ બહોંશ કરવામાં બાકી ન રાખી, આખરે રતને પોતાના પતિને ઝીણે સાદે કહ્યું કે, કાકાજીનું આટલું વચન રાખો. આજનો દિવસ એમને ત્યાં રહો.

નવલચંદે ઠીક કરીને કહી સામાન ઓટલા ઉપર રાખ્યો. રતન જે નીચે ઊભી હતી તેને નગીનદાસે કહ્યું, "વહુ, બચ્ચા, ઘરમાં જાઓ." પછી પોતાની સ્ત્રીને બોલાવી, "અલી, સાંભળે છે કે, અહીં આવ." ઉત્તમ શેઠાણી બહાર આવી તેને, "આ વહુને અંદર ઘરમાં લઇ જા. એને નાવા ધોવાનું બતાવ" રતનની સામે જોતાંજ ઉત્તમ શેઠાણીનું મોઢું ચઢયું. પણ બધાના દેખતાં કાંઇ બોલવા ચાલવા વગર રતનને અંદર લઇ ગઇ. નવલને સાથે લઇને શેઠ અંદર આવ્યો અને તેને પણ નાવાધોવાની જગા બતાવી. ઉત્તમ શેઠાણીએ શેઠને એકાંતમાં બોલાવીને પોતાનો બધો ગુસ્સો ખાલી કર્યો. તે બોલી, "તમે ઘરડા થયા એટલે તમારી બુદ્ધિ ખસી કે શું? આ રૂપવંતીને જોઇ મોહી પડયા એટલે ઘરમાં રાખી." આ

સાંભળી શેઠે હસીને જવાબ આપ્યો, "તું તે કાંઇ ગાંડી-બાંડી થઇ છે કે? એને મેં વહૂ બચ્ચા કરીને બોલાવી તે તો આપણી દીકરી જેવી છે. આટલા જુવાનીના વરસ જવા દઇને આ ઘરડે ઘડપણ આવું કામ કરીશ એમ તને શાથી સુઝ્યું. ગાંડી છે ગાંડી. આ છોકરીને હું તો આપણી નંદકોર જેવી જાણું છું. આ ધણી ધણીઆણી કોઇ કુલવાન જણાય છે. માટે એમની સાથે સારી ચાલ ચલાવજે."

ઉત્તમ શેઠાણીના મનમાં કાંઇક વાત ઉતરી ખરી. રતન પણ પોતાને બતાવ્યા પ્રમાણે નાહીધોઈ તૈયાર થઇ. અને ઉત્તમ શેઠાણીને રસોઇ કરવામાં મદદ કરવા લાગી. પોતાની શેઠાઇના વખતમાં પણ રતન મુદ્દલ આળસુ રહી ન હતી તે આવી ગરીબીમાં કેમ આલસાઇ રાખી શકે? ઘરનું અડધો અડધ કામ તે દિવસે રતને કરી નાખ્યું. આ જોઇ શેઠાણી ઘણીજ ખુશી થઇ અને તેને રતન પણ વહાલી લાગી.

જમ્યા પછી નગીનદાસ નવલચંદને પોતાની સાથે પોતાની દુકાને તેડી ગયો. ત્યાં તેને તેનું નામ ઠામ પૂછ્યું. પોતે કોણ અને કોનો છોકરો છે છૂપાવી ફક્ત પોતાનું નામ બતાવ્યું અને પરદેશ નીકળવાના કારણમાં એટલુંજ કહ્યું, "મારા દેશમાં વેપારમાં નુકશાન જવાને લીધે હું આ તરફ નીકળી આવ્યો છું." થોડીવાર પછી નગીનદાસ શેઠ સાથે રૂનો સોદો કરવાને એક દલાલ આવ્યો. તે પોતાની સાથે નમુના લાવ્યો હતો તે દેખાડીને શેઠનો વિચાર પૂછ્યો. શેઠે રૂ જોઇ ભાવ પૂછ્યા પછી નવલચંદ તરફ આંગળી કરીને કહ્યું, "આ સોદાની દલાલીમાં અડધો ભાગ આને આપે તો સોદો કરૂં." દલાલે કેટલીક આનાકાની કર્યાપછી તેમ કરવા કબૂલ કર્યું એટલે શેઠે

સોદો કર્યો. આ પ્રમાણે જેટલા સોદા તે દિવસે શેઠે કીધા તે બધાની દલાલીમાં **નવલચંદ**નો ભાગ રખાવીને સોદા કર્યા. બે દિવસ થયા પછી **નવલચંદે** શેઠને કહ્યું, "બે દિવસ થયા તમારા ઘરમાં રહુંછું તે મહેરબાની કરીને મને જુદી જગા અપાવો તો હું મારે કામ ધંધે લાગી જાઉં." શેઠે જવાબ આપ્યો, "નવલચંદ, તમે કોણ છો તે હું જાણતો નથી. તમે તમારા નામ શિવાય તમારા બાપનું નામ પણ મને જણાવ્યું નથી. મારે તમારે મુદ્દલ ઓળખાણ ન છતાં પણ તમારી ઉપર મને હેત ઉપજે છે, તેથી આ ઘર તમારૂંજ જાણજો. મારા ઘરમાં રહેવામાં તમને હરકત હોય તો કહો." **નવલચંદે** કહ્યું, "શેઠ, તમારા ઘરમાં રહેવાને મને મુદ્દલ અડચણ નથી, પણ કોઇની ઉપર ભારરૂપ થઇ પડવા હું માગતો નથી. હું કોણ છું તે જાણવાની તમારી ઇચ્છા હોય તો તે ઘણી દુઃખદાયક છે. મારો હેવાલ શરમને મારે હું કોઇને કહી શકતો નથી." શેઠે કહ્યું, "જો તમારી મરજી મને ન કહેવાની હોય તો કાંઈ નહિ. બાકી કહેશો તો તમારી વાત હું કોઇની પાસે ઉઘાડી પાડનાર નથી. પછી તો તમારી મરજી." થોડીવાર સૂધી વિચાર કર્યા પછી **નવલચંદે** કહ્યું, "પ્રથમ મને કહો કે, તમારૂં નામ **નગીનદાસ મંછારામ નાણાવટીજ** છે કે નહિ? **નગીનદાસ** શેઠે હસીને કહ્યું, "હા, તેજ હું." **નવલચંદે** કહ્યું, "ત્યારે મારી વાત સાંભળો. પાલીતાણાના નગરશેઠ **અમીચંદ ખીમચંદ**નો એકનો એક પુત્ર હું **નવલચંદ** છું. આટલા દિવસ હું પણ નગરશેઠ હતો, પણ મારા કર્મસંજોગે મેં મારી કરોડો રૂપીઆની દોલત ગુમાવી નાખી અને તેથી તે શેહેરમાં રહેતાં શરમ લાગી તેથી આ તરફ નીકળી આવ્યો છું. તમે જાણોછો કે, મારા ગામોગામ

આડતીઆ છે. તેમાંના ઘણાની ઉપર મારૂં લહેણું છે, પણ મારી ગફલતીથી તથા કેટલાકોની લુચ્ચાઇથી તે વસુલ થતું રહી ગયું છે. મારી આવી પડતી દશામાં કોઇ મને આપે તેમ નથી તેમ હું તેની આશા પણ રાખતો નથી. ગરીબીમાં હું રોટલો કમાઇ ખાઇશ તેજ મને પૂરો છે." નવલચંદની આંખોમાંથી આંસુની ધાર ચાલી રહી. તેનાથી વધારે બોલાયું નહિ. નગીનદાસને પાલીતાણાના નગરશેઠની દુર્દશા થવાની ખબર પડી હતી પણ આટલી હદ સુધી વાત આવી છે એમ તે જાણતો ન હતો. તે પોતે પણ તેનો આડતીઓ હતો. અને પોતાને ત્યાં પણ નગરશેઠનું કેટલુંક નાણું જમા હતું. નગીનદાસની આંખમાં પણ આંસુ આવી ગયા. તેણે નવલચંદ સામે હાથ જોડી કહ્યું, "શેઠજી, તમારા પિતાજીની મારા ઉપર ઘણી મહેરબાની હતી તેથીજ હું આટલો પૈસાદાર થયો છું. તમારા મારી ઉપર આશરે બે લાખ રૂપીઆ લહેણા છે, તેમજ બીજા લોકો પાસે પણ હશે માટે તે બધાની ટીપ ઉતારી મને આપશો તો હું મારૂં બનતું કરી તમારૂં લહેણું વસુલ કરાવી આપીશ." નવલચંદ આટલા બધાની આશા રાખતો ન હતો. પણ સુરત શેહેરમાં પોતાને જાહેર થવું ન હતું તેથી નગીનદાસને કહ્યું, "હું કોણ છું તે બીજા લોકોને જણાવવાની જરૂર નથી. ઇશ્વર કરેને મારો આગલો વખત પાછો આવશે તોજ હું જાહેર થઇશ. માટે હાલ તો જેમ ચાલે છે તેમ ચાલવા દો." નગીનદાસે કહ્યું, "જેમ તમારી મરજી."

નવલચંદને આ પ્રમાણે સુરતમાં રહે લગભગ બે વરસ થવા આવ્યા. આટલા વખતમાં નગીનદાસે તેનું ઘણું ખરૂં લહેણું વસુલ કરી આપ્યું. તેમજ પોતાના વેપારમાં ભાગ રાખતો. નવલચંદ પોતે પણ કાંઇ આલસુ

બેશી રહ્યો ન હતો. તે પણ નાના મોટા સોદા કરી એક ડો રૂપીઆ મેળવવા લાગ્યો.

બે વરસ પૂરા થતાં નગીનદાસ શેઠે નવલચંદનો હીસાબ જોયો તો તેના લગભગ બાર લાખ રૂપીઆ જમા થયા હતા. આ વાત તેણે નવલને કહી. પ્રથમ તો નવલે તે ન માની પણ શેઠે ખાત્રી કરી આપી તેથી તેના માનવામાં આવી.

રતન તો એટલુંજ જાણતી હતી કે, નગીનદાસ શેઠની નોકરી કરીને આપણે ગુજારો કરીએ છીએ. ઉત્તમ શેઠાણી પણ જાણતી ન હતી કે, નવલ. નગરશેઠ છે તે તો તેને પોતાના પતિના દલાલ તરીકેજ ઓળખતી. તો પણ તેની અને રતનની તરફ સારી ચાલ ચલાવતી.

એક દિવસે નવલચંદે નગીનદાસને કહ્યું, "હવે મારો વિચાર જુદા રહેવાનો છે, માટે આ સામેનું ઘર ખાલી પડ્યું છે તે વેચાતું લઉં તો કેમ?" નગીનદાસને તે ઘર પસંદ હતું પણ નગરશેઠ જુદો રહે તે તેને ગમ્યું નહિ. તેનો વિચાર તો નવલચંદને પોતાનો વારસ કરી લેવાનો હતો. પણ નગરશેઠે કેટલીક રીતે શેઠને સમજણ પાડી તેથી આખરે તેને પેલું ઘર વેચાતું અપાવ્યું. તે ઘર સાફસુફ કરાવી અંદર જોઇતો સરસામન લાવી મૂક્યો. પછી નગીનદાસ શેઠને કહ્યું કે, આજ બે વરસ થયા સારૂં કપડું કે ઘરેણું એણે કાંઇ પણ પહેર્યું નથી, માટે થોડાક કપડા તથા વીશેક હજારનું ઘરેણું ઘડાવી આપો.

શેઠે ઘરેણું ઘડાવવા હુકમ કર્યો. સોના અને હીરા મોતીના ઘરેણાં આઠ દિવસમાં તો તૈયાર થયા. આ બધું ઉત્તમ શેઠાણી તથા રતનથી ખાનગી થતું હતું. જે દિવસે બધું તૈયાર થયું તેજ દિવસે નવલચંદ પોતાના નવા ઘરમાં રહેવા ગયો. પોતે આ ઘર ભાડે રાખ્યું છે એટ-

હુંજ રતન સમજતી હતી. ઘરનું રાચરચીલું સાદું પણ સુંદર જોઇ તે રાજી થઇ. ઘરમાં ઊંચું નીચું કરીને તે રસોઇ કરવા બેઠી. નવલચંદ થોડીવારમાં થનાર ગમત જોવા વાસ્તે બેઠો.

આ તરફ નગીનદાસે ઉત્તમ શેઠાણીને બોલાવી બધી વાત કહી સંભળાવી. શેઠાણી અજબ થઇ ગઇ. આવો મોટો શેઠ તેની સ્ત્રી પાસે પોતે ઘરનું કામ કરાવ્યું તેથી મનમાં દિલગીર થઇ. પછી નગીનદાસે પોતાની પુત્રીને કહ્યું, "બેન નંદકોર, આ બે રૂપાની થાળીઓમાં ઘરેણાં મૂકી ઉપર રૂમાલ ઢાંકી તે નવલચંદને ત્યાં આપી આવ. અંદર શું છે એમ પૂછે તો કહીએ જે, ખાવાનું છે. તું પાછી ચાલી આવજે." નંદકોર તો શેઠના શીખવ્યા પ્રમાણે થાળો લઇને નવલચંદને ત્યાં આવી, અને "બાપાએ આ ખાવાનું મોકલ્યું છે તે લ્યો." આમ કહી ઢાંકેલીજ થાળીઓ ત્યાં મૂકી. રતન તેને પૂછવા જતી હતી એટલામાં તો તે ચાલી ગઇ. આજ પ્રથમ દિવસ છે તેથી શેઠ શેઠાણીએ ખાવાનું મોકલ્યું હશે જાણી રતને તે જોયું નહિ. પણ નવલચંદે કહ્યું, "શેઠે ખાવાનું શું શું મોકલ્યું છે તે તો જુઓ. પછી આજને વાસ્તે રાંધજો ઓછું." રતન એક થાળી પાસે ગઇ અને ઉપરનું કપડું કાઢીને જોયું તો ખાવાને બદલે સોનાનાં ઘરેણાં જોઇ આશ્ચર્ય પામી. બીજીમાં શું છે તે જોવાની જિજ્ઞાસા ઉશ્કેરાતાં તે ઉઘાડી તો તેમાં હીરા મોતીના દાગીના દીઠા. તેણે આતુરતાથી પૂછ્યું, "પ્રાણપતિ આ શું?" નવલ બોલ્યો, "રતન, આ બધી ઇશ્વરની કૃપા." રતને જવાબ દીધો "હાલ આપણી ગુંજાસ નથી તેથી આટલો બધો ખરચ શા માટે કીધો? આ ઘરેણું નહિ નહિ તોપણ બાર પંદર હજારનું હશે."

નવલચંદ હસીને બોલ્યો, "બધા મળી બાવીશ હજાર રૂપીઆ આ ઘરેણાનાં થયા, અને આ આપણું ઘર તથા તેની પાછલના ત્રણ ઘર મળી ચાલીશ હજાર રૂપીઆ આપ્યા. રતન, તારી સબૂરીનું ફળ તને મળ્યું છે. ઇશ્વરે આપણને પાછી આગળી હાલતમાં મૂકયા છે. મારો વિચાર થોડા મહિના અત્રે કાઢયા પછી થોડા વખત પાલીતાણે જઇ આવી આપણું અસલ ઘર પાછું ખરીદ કરી ત્યાંનો નગરશેઠ કહેવરાવવા ઇચ્છા છે. મારા જે જે જુઠા મિત્રો હતા અને મને જેમણે ખુવાર કરી નાખ્યો તેમનું ઇશ્વર ભલું કરજો, કારણ કે, મને તેમણે આ એક પાઠ શીખવ્યો છે કે, મિત્રાચારી કરવી તો જોઇને કરવી. કોઇના મીઠા બોલવા ઉપર લોભાઇ ન જવું. માટે આ ઘરેણાં પેહેર."

રતને તે પેહેર્યાં વગરજ રહેવા દીધા. આટલો બધો વખત સાદાઇમાં કાઢયો તેથી તેને ઘરેણાં પહેરવાનું મન ન થયું. નવલચંદે જાણ્યું કે, એના મનનો ઉભરો શાંત પડશે ત્યારે એ પેહેરશે. રસોઇ થઇ એટલે જમી કરી પરવારી રહ્યા પછી નવલચંદ ઘરમાંજ રહ્યો. થોડીવાર થઇ એટલે નગીનદાસ શેઠ તથા ઉત્તમ શેઠાણી નંદકોર સાથે ત્યાં આવ્યા. ઘરેણાની થાળીઓ તેજ જગાએ પડેલી જોઇ, શેઠાણી બોલી, "વહુ, ઘરેણાં કેમ પહેર્યાં નથી?" રતને કહ્યું, "સાસુજી, તમારા ભત્રીજા છે તેજ મારે ઘરેણાં છે." ઉત્તમ શેઠાણીએ બોહોંશ કરી રતનને ઘરેણાં પહેરાવ્યાં. થોડીવાર વાતચીત કર્યા પછી બધાં ત્યાંથી ગયાં.

નવલચંદ સાંજના કામકાજ કરી ઘેર આવ્યો તે વખતે પોતાની સાથે ફૂલના હાર, ગજરા, તુરા વગેરે લેતો આવ્યો. તે જોઇ રતન બોલી, "આ બધું શું લઇ આવ્યા?" નવલચંદે હસીને કહ્યું, "ઇશ્વરે આપણને રૂડા

દિવસ દેખાડ્યો, તેની ખુશાલીમાં આપણે આજનો દિવસ આનંદમાં ગાળીશું." આમ કહી ઠેકઠેકાણે ફૂલનાં તોરણ બાંધી દીધાં. સુવાના પલંગની ચારે બાજુ તો ફૂલની ઝાલર બાંધી. પણ ઘડી પછી શું થવાનું છે તે કોઇ જાણી શકતું નથી. ઘણે દિવસે ભોગવેલો આનંદ દુ:ખરૂપ થઇ પડશે એમ નવલચંદ જાણતો ન હતો.

જે ઘર નવલચંદે વેચાતું લીધું હતું તે ઘણા વરસ થયા ખાલી પડી રહ્યું હતું અને જ્યારે તેણે લીધું ત્યારે તેને સાફસુફ કરાવ્યું હતું. પણ ઘણા વરસ પડી રહ્યાથી તેમાં જીવજંતુઓનો ઉપદ્રવ વધારે થયો હતો. આ જીવજંતુઓમાંના કેટલાક તો સાફ કરતી વખતે નીકળી ગયા હતા પણ મોટા નાના બીજા અનેક જીવો ત્યાં રહી ગયા હતા તેજ તેમને પીડાકારી થઇ પડયા. મધરાત થવા આવી તે વખતે એક મોટો નાગ ફરતો ફરતો સુવાના ઓરમાં આવી ચઢ્યો. ત્યાં ફૂલોની સુગંધથી તે આનંદ પામ્યો. વધારે સુગંધ લેવાના વિચારથી તે પલંગ ઉપર ચઢ્યો અને ત્યાં થોડીવાર રહ્યો. એટલામાં ભોગજોગે ઉંઘમાં રતનનો પગ નાગના શરીર ઉપર પડયો એટલે નાગ તેને દંશ દઇને ચાલતો થયો. રતનના પ્રાણ તુરત નીકળી ગયા. સવારનો પહોર થતાંજ નવલ ઉઠયો. તે દિવસે હમેશ કરતાં મોડું થયાથી તેણે રતનને ઉઠાડવા માંડી, પણ તે ઊઠી નહિ એટલે તેનું શરીર જોયું તો થંડુગાર થઇ ગયલું. એક બાજુ પગની તરફ લોહીથી ચાદર ખરાબ થયલી. તે તરફના પગમાં નાગનો દંખ. આ બધું જોઇ નવલચંદ પોકો મૂકીને રડવા લાગ્યો. નવલચંદના રડવાનો અવાજ સાંભળીને નગીનદાસ તથા ઉત્તમ દોડી આવ્યાં. તેમણે રતનને જોઇ કલ્પાંત કીધું. થોડીવાર પછી શાંત પડી તેમણે નવલને સમજાવી છાનો

રાખ્યો. આટલા વખતમાં આડોશી પાડોશી એકઠા થઇ ગયા હતા. નવલચંદ પોતાની રૂડી ચાલથી બધાનો વહાલો થઇ પડયો હતો, તેમજ તે કોણ હતો તે બધા જાણતા હતા તેથી ઘણા માણસો એકઠા થયા. સરસામાન લાવી રતનના શબને બાંધીને અશ્વિનીકુમાર (ફુલપાડે) લઇ ચાલ્યા. નવલચંદના આંસુ સુકાઇ ગયા હતા પણ તેનું રડવું ચાલુંજ હતું. શ્મશાનમાં પહોંચ્યા પછી ચેહ ખડકી શબને બાળવાની તૈયારી કરી એટલે નવલચંદ ઊઠીને રતનના મડદાને વળગી પડયો. તેણે તેમને બાળવા દેવાની ના પાડીને કહ્યું, "જો તમારો વિચાર મારી સ્ત્રીને બાળી નાખવાનો હોય તો સાથે મને પણ બાળી નાખો." આવી હઠ લઇ બેઠો. નગીનદાસ તથા બીજા ઘણાક મોટા મોટા શેઠીઆઓએ તેને ઘણો ઘણો સમજાવ્યો પણ તે એકનો બે થયો નહિ. આખો દિવસ સમજાવીને થાકયા પણ કાંઇ વળ્યું નહિ. રાત પડવા આવી તેથી એક પછી એક બધા શેહેરમાં જતા રહ્યા. ફક્ત નગીનદાસ તેની પાસે રહ્યા. તેણે તેને સમજાવવામાં બાકી ન રાખી. આખરે તે પણ કંટાળીને ત્યાંથી જતો રહ્યો. રાતના નવ વાગે શેહેરના દરવાજા બંધ થઇ ગયા. આવે વખતે આ ભયંકર શ્મશાનમાં નવલચંદ રતનના મડદાને લઇ એકલો બેઠો બેઠો રડતો હતો. તેનો સાદ બેશી ગયો હતો. આ પ્રમાણે મધરાત થવા આવી. આવે વખતે શિવ અને પાર્વતી ફરતા ફરતા ત્યાં આવી ચઢયા. ઝીણે સાદે કોઇના રડવાનો સાદ સાંભળી પાર્વતીએ પૂછયું, "મહારાજ, આવી વખતે આ ભયંકર શ્મશાનમાં કોણ રડે છે?" મહાદેવે જવાબ આપ્યો, "કંઇક દુઃખી જીવો પડયા છે." પાર્વતી માતા બોલ્યા "ચાલો આપણે જોઇએ." મહાદેવે કહ્યું, "ગાંડી છે ગાંડી, આવા

બ્યાવાને જોતા ફરીએ તો પછી પાર ન આવે. ચાલો, આપણે આપણા રસ્તે જઇએ." પણ પાર્વતીએ હઠ લીધી "આ દુઃખીનું દુઃખ દૂર કર્યા વગર હું અત્રેથી ખસવાની નથી."

આખરે સ્ત્રીહઠનું જોર ચાલ્યું. શિવજીને નવલચંદ જ્યાં બેશીને રડતો હતો ત્યાં આવવાની ફરજ પડી. નવલચંદની આંખો રડવાથી ઝાંખી થઇ ગયલી હતી તેણે કોઇ યોગીરાજને પોતાની સામે ઊભેલો દીઠો. તરત ઊઠી તેના પગમાં પડયો. યોગીએ આશિર્વાદ આપીને કહ્યું, "કલ્યાણ મસ્તુ, બચ્ચા, કેમ રડે છે?" નવલચંદે કહ્યું, 'મહારાજ, ગઇ કાલ રાતની મારી સ્ત્રી સર્પના દંશથી મરણ પામી છે. એ સ્ત્રીની પાછલ ભૂખ તરસથી હું પણ મારી દેહ પાડીશ." શિવજીએ કહ્યું, "બચ્ચા, તું શું ગાંડો થયો છે? શું તને બીજી સ્ત્રી નહિ મલે?" નગરશેઠ બોલ્યો, "મહારાજ, બીજી ગમે એટલી મળે પણ આ ગઇ તેને કાંઇ હું પામવાનો છું. મારે સુખે સુખી અને દુઃખે દુઃખી રહેનાર સ્ત્રી તો ભાગ્યેજ મળે છે. હવે તો ઇશ્વર કૃપા કરે અને આપ જેવા સહાય થાય તોજ કાંઇ વલે." મહાદેવજી બોલ્યા, "બેટા, તથાસ્તુ." તેજ પલે રતન આળસ મરડી બેઠી થઇ. નવલ જુએ છે તો પેલા યોગીરાજ ન મળે. પોતાને સહાય થવા ઇશ્વરજ આવ્યા હતા એવી નવલની ખાત્રી થઈ. તેણે તેજ વખતે ઇશ્વર સ્તુતિ કીધી. પણ રતન પોતાની ઉપર શું શું વીત્યું હતું તે ભૂલી ગઇ હતી. આવી ભયંકર જગામાં પોતે કેમ આવી તે વિષે પોતાના પતિને તેણે સવાલ પૂછયો. તેના જવાબમાં નવલચંદે બનેલી બધી વાત કહી સંભળાવી. પોતાને પગે પીડા થતી હતી તેથી આ વાત રતનને ખરી લાગી. પણ અંધારી રાતના તારાના તેજથી ઝાંખું

દેખાતું હતું. તેથી થયલો જખમ જોઇ ન શકી. આ વખતે નવલને ઉંઘ આવવા માંડી. તેણે રતનને કહ્યું, "રતન, મને ઉંઘ આવે છે તેથી હું સુઇ જાઉં છું. સવારના દરવાજા ઉઘડશે ત્યારે આપણે શેહેરમાં જઇશું." રતને કહ્યું, "આપ ભલે સૂઇ જાઓ. મને ઉંઘ આવવાની નથી. મારા ખોલામાં માથું મૂકી છાંડો." નવલે તેમ કર્યું.

ઇશ્વર ઇચ્છાથી બનવા કાળ છે તેથી એવું બન્યુ કે, કલકતાના એક બાબુ વેપારીનો એક પુરો પુત્ર નામે શ્રીકિશોર પોતાને દેશ જતો હતો. તેના વહાણો તાપી નદીના કિનારા ઉપર લંગરવાર પડ્યા હતા. તે રાતના શ્રીકિશોરને ઉંઘ ન આવવાથી પોતાના વહાણમાં તે આમથી તેમ ફરતો હતો. એટલામાં વીજળીનો ઝબકારો થયો અને તે સાથે તે ચોંક્યો. કિનારાથી થોડે દૂર કોઇ અપ્સરા બેઠી હોય એવો તેને ભાસ થયો. તેણે તરતજ વહાણના નાખુદાને જગાડીને પોતે જોયલી વાત કહી, અને તે ચોકસ દિશા તરફ તેને જોવા કહ્યું. નાખુદા તે તરફ જોઇ રહ્યો. થોડીવારમાં બીજો ઝબકારો થયો તે સાથે નાખુદાના જોવામાં પણ તેજ પ્રમાણે આવ્યું. પણ નાખુદા પાકી ઉમરનો તથા ઘણે દેશ ફરેલો હતો તેથી બોલ્યો, "શેઠજી, આવી અંધારી રાતે આવી ભયંકર જગામાં માનવી સ્ત્રી તો હોયજ નહિ. જ્યાં છે ત્યાં કોઇ વંત્રી કે ડાકણ છે." શ્રીકિશોરે કહ્યું, "નાખુદા, વંત્રી કે ડાકણ હોય તે આટલી વાર એકજ જગાએ બેસી ન રહે. જ્યાં છે ત્યાં કોઇ માનવી જાત છે. માટે ચાલો, મછવો તૈયાર કરાવો. મારે જોવું છે કે એ કોણ છે." નાખુદાએ ઘણા ઘણા બહાના દેખાડ્યા પણ શ્રીકિશોરે પોતાની હઠ ન છોડી, તેથી આખરે તેને મછવો તૈયાર કરવાની ફરજ પડી. ચાર ખલાશી લઇને તે કિનારા તરફ ગયો. પણ

કિનારા ઉપર તેના ખલાશીઓએ ઉતરવાની ચોખ્ખી ના પાડી. શ્રીકિશોર એકલોજ આગલ ચાલ્યો. તારાના અજવાળાથી તે જ્યાં નવલચંદ રતનના ખોળામાં માથું મૂકી સુતો હતો ત્યાં આવી પહોંચ્યો. અંધારામાં પણ રતનનું તેજસ્વી મોઢું પ્રકાશતું હતું. બાબુ જ્યાં સુધી છેક પાસે આવી ઊભો ત્યાં સુધી રતનને ખબર ન પડી. તે તો તે દિવસના બનાવ ઉપર વિચાર કરતી બેઠી હતી. પાસે આવી પહોંચતાંજ બાબુ બોલ્યો, "સુંદરી, તું કોણ છે? આ સુતો છે તે કોણ છે?" રતને ધીમે સાદે કહ્યું, "તમે કોણ છો? આ વખતે અત્રે શા માટે આવ્યા છો?" બાબુએ કહ્યું, "હું કલકતાના બાબુ વેપારીનો દીકરો છું. વેપાર કરવા નીકળ્યો હતો તે હવે પાછો મારે દેશ જાઉંછું. થોડીવાર થઇ મારા વહાણો અત્રે લંગાર્યાં છે. એક બે દિવસ આ શેહેર જોઇ પછી મારે સ્વદેશ જવાની મરજી છે. મારો હેવાલ મેં કહ્યો. હવે તું કોણછે તે કહે." રતને કહ્યું, "હું વાણીઆની સ્ત્રી છું. મારૂં નામ રતન છે. સર્પ કરડવાથી હું મરી ગઇ હતી. પણ કોઇ રીતે મારૂં ઝેર ઉતરી ગયું. આ મારા પતિ છે." બાબુએ કહ્યું, "રતન, તું ખરેખર રત્ન જેવીજ છે. આ ભીખારી જેવા પતિથી તારૂં શું વળવાનું છે? મારી પાસે કરોડો રૂપીઆની પુંજી છે. હું તને સુખી કરીશ." આ બધું સાંભળી રતનનું મન ફરી ગયું. પોતાના પતિ ઉપરનો પ્રેમ બધો ઉતરી ગયો. કઇ મોહજાળમાં તે પડી તે સમજાયું નહિ. પોતાના પ્રાણથી જેને વધારે પ્રિય માનતી હતી એવા પતિનું માથું ખોળામાંથી નીચે મૂકી પેલા બાબુ સાથે ચાલી ગઇ. કેવી રીતે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ તે જણાયુંજ નહિ. મછવો તૈયારજ હતો તેમાં બેઉ બેઠાં અને ત્યાંથી વહાણ ઉપર ગયાં. તરતજ વહાણ હંકારવાનો બા-

ણુએ હુકમ કર્યો. જો વહાણુ સવાર સૂધી રહે તો વાણી- ઓ કદાચ તપાસ કરવા આવે એવી તેને ધાસ્તી પેઠી. વહાણુ હંકાર્યું કે, તરતજ રતનને શુદ્ધિ આવી. પોતે શું કરી આવી હતી તે તેને હવેજ યાદ આવ્યું. આટલીવાર સૂધી બનતો બનાવ બધો તેને સ્વપ્નવત લાગ્યો. પણ જ્યારે ખરેખર પોતાને વહાણુમાં દીઠી ત્યારે તેને પસ્તા- વો થયો. પણ હવે ઉપાય ન હતો. કોઇબી રીતે તેને બાબુને વશ થવું પડશે. જે બને તે ખરૂં ધારી તે ચૂપ રહી.

આ તરફ પ્રભાત થતાંજ નવલચંદ ઉઠ્યો. તેણે રતનને પોતાની પાસે ન જોતાં વિચાર્યું કે, તે કયાંક ગઇ હશે. થોડીવાર વાટ જોયા પછી નવલચંદ શોધવા ઉઠ્યો, પણ કયાંય પતો ન લાગ્યો. હજી દરવાજા ઉઘડયા ન હતા. તે બધે ઠેકાણે ફરી વળ્યો પણ કાંઇ ન વળ્યું. તેને વિ- ચાર સૂઝ્યો કે, કદાચ નદીમાં પડી તો ગઇ ન હોય ? આમ ધારી તે નદી તરફ શોધવા ગયો. ત્યાં નદી કિ- નારે કેટલાક ખારવાઓને વાત કરતા સાંભળ્યા. એક ખારવો બોલ્યો, “અલ્યા પેમલા, ઓલા બંગાલી બાબુના વહાણુ ગઇ કાલે અત્રે આવ્યા હતા તે આજ કેમ હંકા- રી ગયા ? એ વહાણુનો એક ખારવો તો કહેતો હતો કે, અમારો વિચાર તો આઠ દિવસ સૂધી રહેવાનો હતો, પ- ણુ આ તો રાતમાંજ હંકારી ગયા.” પેમલો બોલ્યો, “ખીમલા, એ તો બધું ઠીક, પણુ રાતના હું જાગતો હતો તે વખતે એક વહાણુ ઉપરથી એક મછવો ઉતર્યો, અને તે કિનારા તરફ આવ્યો. તેમાંથી કોક માણુસ કાંઠે ઉતર્યું. અને થોડી વારમાં કોક બાયડીને લઇને આવ્યું અને મછવામાં બેશી વહાણુ ઉપર ગયું. અને પછી તરત વહાણુ હંકારી ગયા. માટે એમાં કાંઇ કારણુ હોવું જો- ઇએ.” ત્રીજો બોલ્યો, “હશે, હવે આપણે તેનું કારણુ

જાણવાની શી જરૂર છે. ચાલો આપણે આપણું કામ કરીએ."

નવલચંદને આટલુંજ સાંભળવાની જરૂર હતી. તેની ખાત્રી થઇ કે, તેની સ્ત્રીને બંગાલી બાબુ લઇ ગયો. દરવાજો ઉઘડતાંજ તે શેહેરમાં દાખલ થયો. તેને એકલો આવેલો જોઇ નગીનદાસ સમજ્યો કે, એનો ઉભરો શાંત પડતાં એ રતનને બાળીને આવ્યો. નગીનદાસે તેને નવરાવી ધોવરાવી જમાડયો. ચાર દિવસમાં પોતાનો બધો ધંધો આટોપી નાખ્યો. બધી રકમ નગીનદાસને ત્યાં જમા કરાવી, પોતે કાશી તરફ નીકળી ગયો. નગીનદાસે તેને ઘણો સમજાવ્યો પણ ફોકટ. તે એકનો બે થયો નહિ અને ચાલ્યો ગયો.

મુસાફરી કરતો કરતો તે કેટલેક દિવસે કાશી આવી પહોંચ્યો. ત્યાં આવ્યા પછી તે એક ચીતારાની પાસે રહ્યો. તે ચીતારો ત્યાં પ્રખ્યાત કહેવાતો હતો. નવલચંદ ચિત્રનો હુન્નર તેની પાસે રહીને શીખવા લાગ્યો. એક વરસની મુદતમાં તો તે શીખીને હુશીઆર થયો. તે તરેહવાર ચિત્રો ચીતરતો હતો. તેના ચિત્રો દેશોદેશ વખણાવા લાગ્યા. સુરતથી તે વારંવાર હુંડીઓ મંગાવતો હતો તે હવે તેણે મંગાવવી બંધ કરી, પણ કાગલ પત્ર લખવો ચાલુ રાખ્યો. પોતે જેટલું કમાતો તેટલું ત્યાં ખરચી નાખતો.

હવે રતનનું શું થયું તે આપણે જોઇએ. બાબુને ત્યાં ગયા પછી રતને શ્રીકિશોરને પોતાની પાસે બોલાવીને કહ્યું, "બાબુ સાહેબ, હું મારા પરણ્યા પતિને મૂકીને તમારી સાથે આવી છું, તે બે વરસ સુધી મારા પતિના વિયોગનું દુઃખ મને લાગશે. બે વરસ પૂરા થયા પછી જો વિધિપૂર્વક તમે મારું પાણી ગ્રહણ કરશો તોજ

હું તમારી પત્ની તરીકે રહીશ. આટલો વખત સુધી મને એકાંત ઓરડામાં રહેવા દેવી. મારી પાસે થોડી દાસીઓ શિવાય બીજા કોઇએ આવવું નહિ. તમારે ફક્ત દર મહિને એક વખત આવી જવું.

આ બધું બાબુએ કબૂલ કર્યું. તેના મનમાં બે વરસ કાલે નીકળી જશે. એક સણગારેલા ઓરડામાં રતનને ઉતારો આપ્યો. તેની સેવામાં દાસીઓ આપી. પોતે દર મહિને તેની પાસે આવતો. આ પ્રમાણે બે વરસ પૂરાં થવાં આવ્યાં. બાબુ શ્રીકિશોરે લગ્નની તૈયારી કરવા માંડી. રતને આટલા વખતમાં ત્યાંથી નાશી જવાની ઘણી યુક્તિઓ કીધેલી પણ એકેમાં ફાવી નહોતી શકી. લગ્નના દિવસ સુધી રતને ધીરજ રાખવા ઠરાવ કર્યો. જો તે દિવસ સુધી નાશી જવાનો લાગ ન મળે તો પછી આપઘાત કરવા તેણે ઝેરની શીશી તૈયાર રાખી હતી.

બાબુએ રતનના રહેવા માટે એક મેહેલ તૈયાર કરાવ્યો. તેની અંદર જુદી જુદી જાતના સુંદર ચિત્રો ચિત્રાવાનો વિચાર કર્યો. શેહેરના પ્રખ્યાત ચીતારાના ચિત્રો તેણે જોયા પણ એકેની પીંછી તેને પસંદ ન પડી. તેથી તેણે ગામોગામ જાહેરાતો મોકલી કે જે કોઇ ચીતારો મારી નવી સ્ત્રીના મેહેલમાં ચિત્રો રંગી આપશે તેને એક લાખ રૂપીઆ ઇનામના આપીશ.

દેશોદેશ આ જાહેરાતો ફેલાઇ ગઇ, તે સાથે બાબુ શ્રીકિશોરની નવી સ્ત્રી વિષે પણ તરેહવાર વાતો ફેલાવા લાગી. કાશીમાં નવલચંદના જોવામાં આ જાહેરાત તથા સાંભળવામાં વાતો આવી. જેની સાથે બાબુ લગ્ન કરનાર છે તે પોતાની સ્ત્રી રતન હશે એવો તેને વેહેમ પડયો. તેણે પણ ત્યાં જઇ પોતાનો હુન્નર દેખાડવા વિચાર કર્યો. મુસાફરી માટે એક ઘોડો તથા પોતાનો ચિત્રકામનો સર-

સામાન લઇ તે કલકતે આવી પહોંચ્યો. ત્યાં બીજા કેટલાક નામાંકિત ચીતારાઓ એકઠા થયા હતા. તેમણે પોત પોતાના નમુના દેખાડયા હતા. કેટલાકના નમુના પસંદ પડેથી તેમણે ચિત્રો ચીતર્યા હતા પણ રતને કોઇના ચિત્રો પસંદ કર્યા ન હતા. આખરે નવલચંદ કલકતે આવી પહોંચ્યો. તેના નમુના પણ બાબુએ પસંદ કર્યા તેથી તેણે પણ એક ઓરડાને ચીતરવાનો આરંભ કર્યો. એક ભીંત ઉપર હિમાલય પર્વતનો દેખાવ ચીતર્યો. બીજી બાજુએ કાશીનો દેખાવ દેખાડયો. ત્રીજી બાજુએ ગોકુળ વૃંદાવન એવાં તો સરસ બનાવ્યાં કે ત્યાં ચરતી ગાયોને કોઇ જીવતી સમજે. ચોથી ભીંત ઉપર પાલીતાણા શેહેરનો દેખાવ આપ્યો. તેમાં પોતાનું ઘર તથા પેહેડીનો દેખાવ દેખાડયો. રતનને મળતીજ એક સ્ત્રીનો ચેહેરો ઘરની બારીમાં ઊભેલો દેખાતો. આ બધું તેણે દશ દિવસમાં પુરૂં કર્યું. દશમે દિવસ તેણે બાબુને કહેવરાવી મોકલ્યું કે, ઓરડો તૈયાર થયો છે માટે જોવા આવવું. રતનને પસંદ તેજ પોતાને પસંદ એવું બાબુના મનમાં હતું તેથી રતનને ત્યાં મોકલી દીધી. પોતાની દાસીઓ સાથે રતન ત્યાં આવી. નવલચંદ ત્યાં પડેલા સામાનની પાછળ સંતાઇ રહ્યો હતો. તેણે રતનને જોતાંજ ઓળખી કે, એજ તેની સ્ત્રી. તેમાં તો કાંઇ ફેર નહિ. ફીકર નહિ. જોઇએ હવો ખરા શું થાય છે. દાખલ થતાંજ રતનના જોવામાં હિમાલય પર્વતનો દેખાવ પડયો. તે જોતી બીજી તરફ આવી તો ત્યાં કાશીનો દેખાવ દીઠો. ત્રીજી તરફ ગોકુળ વૃંદાવન દીઠું. ચોથી બાજુ તરફ ફરી તો પોતાનું નગર પાલીતાણા દીઠું. પાલીતાણા જોતાંજ તે ચમકી. ચીતારો પોતાનો કોઇ જાણભેદુ છે એમ તે જાણી ગઇ. પણ કોણ છે તે જાણી ન શકી. પછી પોતાની દાસીઓને

બહાર જવા આજ્ઞા કરી પોતે જ્યારે એકલી પડી ત્યારે બોલી, "આહા! આ તો પાલીતાણા શેહેરમાં આ તો મારૂંજ ઘર છે. આ મારી પહેડી છે. આ ઉપર ઊભેલી સ્ત્રી પણ મારાજ ચહેરાની છે. રખેને મારા પ્રાણપતિનું આ કામ હોય? અરે, હું કેવી રીતે ફસાઇ જઇને અત્રે આવી છું તે મારા પતિ જાણતા હોય તો કેવું સારૂં?" નવલચંદે આ બધું સાંભળ્યું. તે તરતજ પોતાની સંતાવાની જગાએથી બહાર નીકળી રતનની સામે ઊભો. રતન પોતાના પતિને જોતાંજ પાસે આવી ભેટી પડી. બે વરસે પતિ પત્ની એક બીજાને મળ્યાં. જ્યારે તેમનો ઉભરો સમાઇ રહ્યો ત્યારે રતને કહ્યું, "હવે આપણે અત્રેથી જતા રહીએ. પણ સીપાઇઓ મને જવા દેવાના નથી." નવલચંદે કહ્યું, "મારી પાસે પુરુષનો બીજો પોશાક છે તે તું પેહેરી લે. અને મારો સામાન છે તે તું ઉંચકી લે. સીપાઇ પૂછશે તેને કહીશ કે મારો માણસ છે." રતને તરતજ સ્ત્રીનો પોશાક ઉતારી પુરુષનો પેહેરી લીધો. સ્ત્રીના કપડાં બાંધી લીધા. અને બેઉ જણા બહાર નીકલ્યા, સીપાઇઓએ ચિત્રકારના માણસ તરીકે તેને જવા દીધી, દાસીઓ થોડીવાર પછી તે ઓરડામાં આવી ત્યાં રતનને ન દીઠાથી તેમણે જાણ્યું કે, તે પોતાના ઓરડામાં ગઇ હશે. તેથી બધી દાસીઓ પાછી ઓરડામાં ગઇ. ત્યાં પણ રતન ન હોવાથી બીજે ક્યાં ગઇ હશે જાણી પોતપોતાને કામે લાગી. ઘણીવાર થઇ પણ રતન ન આવી જાણી દાસીઓ ગભરાવા લાગી. તેમણે તરત જઇને બાબુ શ્રીકિશોરને ખબર કરી. બાબુએ આખો મેહેલ શોધાવ્યો પણ કાંઇ પતો ન લાગ્યો. દરવાજા ઉપરના ચોકીદારોને પૂછતાં તેમણે એટલોજ ખુલાશો કર્યો કે, પેલા ચીતારા અને તેના માણસ શિવાય બીજું કોઇ બહાર ગયું નથી,

બાપુ વગવાળો માણસ હતો તેથી તેણે શેહેરમાં તપાસ કરાવી પણ પતો ન લાગ્યો. બીજા રસ્તાના ચોકીદારોને પૂછતાં તેમણે કહ્યું કે, કોઇ આ પુરુષને અમે જતાં જો- યો નથી. તેમ અમારૂં ધ્યાન પણ નથી. આ ઉપરથી બાપુએ શેહેર બહાર ચારે બાજુએ ઘોડા દોડાવ્યા. તેઓ પણ બે ત્રણ દિવસે શેહેરમાં પાછા ફર્યા. પણ તેમણે કાંઇ સમાચાર આણ્યા ન હતા. આ પ્રમાણે જ્યારે કાંઇ ન વળ્યું ત્યારે બાપુએ શોધ કરવી મૂકી દીધી.

આ તરફ નવલચંદ તથા રતન પુરુષને વેશેજ ઘોડે બેશીને તેજ વખત ચાલતા થયા. તેમણે ઘોડાને એકદમ મારી મૂકયા. બે દિવસનો રસ્તો તેમણે થોડા કલાકમાંજ કાપી નાખ્યો. તેમને ખાત્રી હતી કે, બાપુ પેહેલાં ગા- મમાં તપાસ કરાવી. પછી બહાર તપાસ કરાવશે. તેથીજ તેઓએ એકદમ ઘોડા હાંકી મૂકયા હતા. અને તેમનું અનુમાન પણ ખરૂં પડયું હતું. આખો દિવસ અને રાત ઘોડા હાંકવા પછી બીજે દિને તેમણે ઘોડા છોડયા. થોડી વાર થાક ખાધા પછી તેમણે પાછું ચાલવા માંડયું. કેટ- લેક દિવસે તેઓ કાશી આવી પહોંચ્યા. ત્યાં પોતાનું સ- રસામાન રાખ્યું હતું તે બાંધી સીંધીને ત્યાંથી સુરત આવ્યા. સુરતમાં નગીનદાસ તેમને પાછા આવેલા જોઇ આશ્ચર્ય પામ્યો. નવલચંદે બનેલી બધી હકીકત તેને કહી સંભળાવી. થોડા દિવસ ત્યાં રહી પછી વહાણમાં બેશી નવલચંદ ભાવનગર આવ્યો. ત્યાંથી ગાડી ઘોડા તથા માણસો લઇ કાઠબાડથી પાલીતાણે જવા નીકળ્યો. રસ્તા- માં પોતાના સસરાનું ગામ આવતાં તેણે કહેવરાવી મોક- લ્યું કે, તમારી દીકરીને મળવું હોય તો મળી જાઓ. રતનના બાપ ભાઇએ પેલા માણસને પૂછ્યું, "તું એમ-

નો શું સગો થાય ? આટલે વરસે ક્યાંથી આવી ? સાથે બીજું કોણ છે ?"

પેલા માણસે કહ્યું, "હું એમનો ચાકર છું. ગામ બહાર વીસામો લેવા બેઠા છે. હું તો સુરતમાં એમને સાં ચાકર હતો. સાથે પચાશ માણસ છે. હાલ પોતાને ગામ પાલીતાણે જાય છે." આ વાતો કોઇના માનવામાં ન આવી. રતનનો ભાઇ જોવા વાસ્તે તેમને ઉતારે ગયો. ત્યાં ચારે બાજુએ હથિયારબંધ સીપાઇઓ ચોકી ફરતા હતા. બીજા માણસો પોત પોતાનું કામ કરતા હતા. રતનનો ભાઇ આ જોઇને પોતાને ઘેર પાછો ફર્યો. પોતાના માબાપ આગળ જોયલી બધી વાત કહી. રતનના માબાપ તથા ભાઇઓ બેહેનો બધા ત્યાં રતન તથા નવલચંદને મળવા સામે ગયા. જ્યારે રતન ગરીબ થઇને તેમને ત્યાં આવી હતી ત્યારે તેમણે તેને પૂરૂં માન પણ આપ્યું ન હતું, પણ આજે પૈસાદાર થઇને આવી ત્યારે તો તેને મળવા આવ્યા. તેઓ જ્યાં નવલચંદ તથા રતન બેઠા હતા ત્યાં જવા લાગ્યા તેમને સીપાઇઓએ અટકાવ્યા. પણ નવલચંદે હુકમ કરવાથી તેમને આવવા દીધા. રતને તેમને માન દઇ બોલાવ્યા પણ ખરા મનથી તેમની સાથે બોલી નહિ. નવલચંદે તો તેમની સામે સુદ્ધાં જોયું નહિ. જ્યારે બે ત્રણ વખત સસરાએ બોલાવ્યો ત્યારે નવલચંદે કહ્યું, "હું ગરીબ થઇને આવ્યો હતો તે વખતે તમે મને બોલાવ્યો પણ નહિ. આજ હું પૈસાદાર થઇને આવ્યો તે જોઇ તમે મને મળવા આવ્યા. તમે એમજ સમજજો મારે તમારે કોઇ પણ રીતની સગાઇ નથી. તમારી દીકરીનું મોઢું જોવું હોય તો આ છેલીજ વખત જોઇ લ્યો. બીજી વખત મળવાનું નથી." નવલચંદનો સાસુ સસરો શરમાઇને નીચુંજ જોઇ રહ્યા. થોડી

વાર મુલાકાત લીધા પછી તેઓ ત્યાંથી જતા રહ્યા. આ તરફ નવલચંદ પણ વીસામો લીધા પછી ત્યાંથી ચાલતો થયો. બીજે દિવસે તેઓ પાલીતાણે પહોંચ્યા. ત્યાં પોતાની જુની હવેલી પાછી વેચાતી લઇ પ્રથમના જેવી પહેડી ચાલુ કીધી. થોડા વખતમાંજ તેણે પોતાનો વેપાર શરૂ કર્યો અને પાછો નગરશેઠ થયો. નવલચંદ તથા રતને પોતાનો બાકીનો વખત સુખચહેનમાં ગુજાર્યો. તેમને ત્રણ પુત્રો અને એક પુત્રી થયાં.

સમાપ્ત.